શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જયોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

'ડિસેમ્બર ૨૦૦૪'

પોતે વિષપાન કરીને પણ જે જગને અમૃતદાન કરે તે જ સાચો મહામાનવ ગણાય. પોતાને વધસ્તંભ પર ચડાવનાર લોકો પ્રત્યે પણ કટુતા ન રાખતાં ઈસુએ તેમના માટે પણ પ્રાર્થના કરી કે,'હે પ્રભો! તું એમને માફ કરજે કારણ કે તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યાં છે!'

'મારી વિરુદ્ધ એક અક્ષર પણ ઉચ્ચારનારને હું ખેદાન મેદાન કરી નાખીશ.' એવું ઘમંડી ઝનૂન રાખનાર અલ્પાત્માઓએ મહાત્મા ઈસુના જીવન સંદેશનો શાંતિથી અને સ્વસ્થ ચિત્તે અભ્યાસ કરવો જોઈએ. પ્રેમ ઉપર ઉત્કૃષ્ટ પ્રવચન કરનાર, પણ પલકમાત્રમાં પેટી જનાર પામર પંડિતોએ પ્રભુના એ પનોતા પુત્રનો આદર્શ પોતાની આંખ સામે રાખવો જોઈએ. વાણીથી સૌ ક્ષમાનો સંદેશ આપનાર પરંતુ અંતરમાં ક્રોધાગ્નિથી ભડકે બળતા પાખંડીઓએ ક્રિસમસના દિવસોમાં અંતર્મુખ બનીને પોતાના જીવનને માધુર્યસભર બનાવવાનો નમ્ર પ્રયાસ કરવો જોઈએ.

જાત બાળીને જગને અજવાળનારી કેન્ડલ જ્ઞાન વિસ્તારનો મહિમા સમજાવે છે. જ્યારે સમર્પિત જીવનનો મહિમા ગાતાં કેરલ્સ આત્મવિકાસની વાત સમજાવે છે.

સંસ્કૃતિ વિસ્તાર કે જ્ઞાન વિસ્તાર કરવા સદા કટિબદ્ધ રહેવું એ સારી વાત છે પરંતુ આત્મવિકાસના ભોગે એ કરવા જેવું નથી એ વાત જો સમજાઈ જાય તો નાતાલના દિવસોમાં જીવનનો તાલ સાંપડી જાય અને નવપ્રસ્થાન ફળદાયી બને.

- સંકલન

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૭ | ૯ | ૧૪-૧૨-૨૦૦૪ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

⁂

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

⁂

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# થેન્કયુ પપ્પા

**✍ તંત્રીસ્થાનેથી**

અશોક અને અનિલાના પ્રેમ લગ્ન હતાં. બન્ને જણાનો પરિચય કોલેજકાળમાં થયો હતો અને પ્રથમ પરિચય પછી છેક આઠ વર્ષે પરિણય રૂપે તેઓ એકબીજાના જીવનસાથી બન્યા. અશોક પહેલેથી જ હોંશિયાર. કોલેજના ભણતર પછી બાપાની તૈયાર ગાદી પર બેસવાને બદલે તેણે MBA કર્યું અને એક મોટી કંપનીમાં કામ પર લાગી ગયો. અનીલા થોડી ગભરૂ ખરી પણ અશોક હંમેશ કહેતો,'તું સ્ત્રી છે તેથી શું થઈ ગયું. તને તારા નિર્ણયો લેવાની છુટ હોવી જ જોઈએ. મા-બાપને દુ:ખ પહોંચાડવાની વાત નથી પરંતુ તારું પોતાનું વ્યક્તિત્વ હોવું જ જોઈએ. તારા વ્યક્તિત્વનો વિકાસ થવો જ જોઈએ.'' અનિલામાં થોડો ઘણો આત્મવિશ્વાસ આવ્યો. નાના નાના નિર્ણયો એ જાતે લેતી થઈ અને પ્રેમ લગ્નના મોટા નિર્ણયને મક્કમપણે વળગી રહી. પરંતુ બાળપણથી સંકુચિત કુટુંબમાં રહી હોવાથી હજી પણ એ અશોકની 'મારી વ્હાલી ગભરૂ સસલી' જ બની રહી.

લગ્નબાદ અશોકની કંપનીના ફલેટમાં બન્ને જણાનો ઘરસંસાર શરૂ થયો અને ચાર વર્ષ બાદ એક પછી એક બે દીકરીઓએ તેઓને ત્યાં જન્મ લીધો. મોટી શ્રેયા અને નાની નેહા. અશોકને ક્યારેય દીકરો ન હોવાનો અફસોસ નહોતો. એને મન તો દીકરો હોય કે દીકરી, એક સ્વતંત્ર વ્યક્તિત્વ હતું. પોતાની

ઈચ્છાઓ સંતોષવાનું કે પોતાનો વંશવેલો આગળ વધારવાનું સાધન નહોતું કે નહોતી બુઢાપાની લાકડી. બન્ને દીકીરીઓને અશોક અનીલાએ પુષ્કળ પ્રેમ આપ્યો અને ખાસ તો આપ્યું બહું ઓછું જોવા મળતું મુક્ત વાતવરણ. આ પ્રેમભર્યા વાતવરણમાં શ્રેયા અને નેહાનું વ્યક્તિત્વ ખીલવા લાગ્યું. બન્ને જણા નૃત્ય પણ શીખ્યા અને કરાટે પણ. વારતહેવારે મંદિરે જતાં, ઘરમાં પુજા પણ કરતાં અને મોટા થઈને ડીસ્કોમાં પણ જતાં. અનીલા તેઓને રામાયણ, મહાભારતની વાતો કરતી તો અશોક દુનિયાભરના સફળ માણસોની તત્વચિંતકોની વાતો કરતો. નેહા કવિતા લખતાં તો શ્રેયા રોજનીશી લખતાં લખતાં પરિપકવતા તરફ જવા લાગી. પણ કાર્ટુન ફિલ્મો જોવાના શોખથી બન્નેએ પોતાની બાળસહજ મુગ્ધતા પણ જાળવી રાખી. શ્રેયા કોલેજના અભ્યાસ પછી કોમ્પ્યુટરમાં પોતાની કારકિર્દી આગળ વધારવાનો નિર્ણય કર્યો અને પોતના મા-બાપની જેમ પ્રેમ લગ્ન કરીને અમેરિકામાં સ્થાયી થઈ ગઈ. નેહા જરા જુદીજ માટીની હતી એને કવિતાની જેમ પોતાની એક અલગ દુનિયા હતી. એના વિચારોની, એની કલ્પનાઓની દુનિયા, કલ્પનાનું ઘર, કલ્પનાની ઓફિસ અને કલ્પનાની શાળા. આ કલ્પનાની દુનિયા એને આર્કીટેકચર તરફ લઈ ગઈ અને ત્યાં નેહાએ પોતાની કલ્પનાઓને વાસ્તવિકરૂપ આપવાનું શરૂ કર્યું. બહેનના ઘરે અમેરિકા જવાનું થયું ત્યારે અશોકના જ સજેશનથી દુનિયાનો અનુભવ લેવા તે એકલી અમેરિકા યુરોપના પ્રવાસે ઉપડી ગઈ અને પોતાની કલ્પનાઓને દુનિયાભરના સ્થાપત્ય નમુનાઓ જોઈ એને વિશાળ બનાવી, બેકપેક લઈને પ્રવાસે નીકળી પડેલી નેહાએ દુનિયાભરનાં કેટલાંયે મિત્રો બનાવ્યાં અને પ્રવાસની કેટલીક મુશ્કેલીઓનો પણ સફળતાપૂર્વક સામનો કર્યો. આ પ્રવાસે એના વિચારોને વધુ વિશાળ અને વધુ મેચ્યોર બનાવ્યા.

કુણાલ બે છોકરા અને બે છોકરીવાળા નાણાંવટી કુટુંબનું સૌથી નાનું સંતાન, બે ત્રણ ફેકટરીઓ અને વિશાળ ઘર ધરાવતું નાણાંવટી કુટુંબ જ્ઞાતિમાં આગળ પડતું ગણાતું. પૈસાની દૃષ્ટિએ જ નહીં દાનધર્મમાં પણ આ કુટુંબની નામના હતી. કુણાલે એન્જીનીયરીંગ વીથ એમ.બી.એ.ની ડીગ્રી લઈને કુટંબના વિશાળ સામ્રાજ્યનું કામ મોટાભાઈ તથા પિતાની સાથે સંભાળવાનું શરૂ કરી દીધું હતુ.

આવા આગળ પડતાં કુટુંબના ભણેલા ગણેલા સ્માર્ટ કુણાલનું માગું જ્યારે નેહા માટે આવ્યું ત્યારે અશોક અને અનિલાના આંનદનો પાર ન રહ્યો. નેહાને પણ કુણાલ ગમી ગયો અને આમ નેહાના લગ્નજીવનનો પ્રારંભ થયો.

થોડા મહિના હરવા ફરવામાં કુનાલના મિત્રો, સંબંધીઓને મળવામાં ક્યાં વીતી ગયા એની નેહાને ખબર જ ના પડી. પરંતુ બે મહિના બાદ નેહા મુંઝાવા લાગી. ઘરમાં રસોઈયો, બાઈ અને ઘર નોકર હોવાથી કંઈ કરવાનું રહેતુ નહોતું. હા, એ શોખ ખાતર મહારાજને રસોઈમાં મદદ કરતી કે ઘરની સજાવટ નવેસરથી કરવામાં રસ લેતી પણ એમાં આખો દિવસ કેમ જાય? સાસુની સાથે એ રોટરી કલબ, ઈનર વ્હીલ કલબની મહિલાઓની મીટીંગોમાં જઈ આવી પરંતુ ત્યાં એને રસ ન પડયો. નેહાએ જેઠાણીની ટાઈમ પાસની રીતો પણ જોઈ સેલમાં વી.આય.પી. પાસ લઈને વગર જોઈતી સાડીઓ કે ડ્રેસ કબાટમાં ભરવાનાં કે પછી સાબુ સાથે ફ્રી બાલદી મળતાં વર્ષભરનો

સ્ટોક ભરવામાં શું સંતોષ થાય એ નેહાને ન સમજાયું. કીટી પાર્ટીઓ અને બ્યુટીપાર્લરમાં જઈને સ્ટેટસ બતાવવાનું પણ એને ન ગમ્યું. મહિલા મંડળમાં પણ નેહાએ ટ્રાય કરી જોઈ પણ લ્હાણી માટે કે નાસ્તા માટેનો ધસારો જોઈને જ ડરી ગઈ એને મનમાં દુઃખ પણ થયું કે આટલી મોટી સ્ત્રી શક્તિ આટલા વર્ષોથી ફક્ત ટાઈમપાસ કે મનોરંજન માટે જ ભેગી થાય છે ? આટલું મોટું સંગઠન ધારે તો મેડીકલ સેન્ટરને બંધ થવામાંથી ઉગારી શકે હોસ્પિટલનો વહીવટ સુધારી શકે, ગામની બહેનોને ઉપર લાવવા માટે વિવિધ કોર્સ ચલાવી શકે. મોટી બહેનોને અંગ્રેજી કે કોમ્પ્યુટરનું શિક્ષણ અપાવી શકે વગેરે વગેરે ઘણું બધું નેહાના મનમાં ઉભરાઈ ગયું પણ સાસુએ ક્હ્યું નેહા આ બધી મગજમારીમાં ન પડતી જે બદલાવા માંગતા જ નથી એને તું એકલી કંઈ બદલી શકવાની નથી.

ઘરમાં નેહા મુંઝાવા લાગી, કુનાલે એને ઓફિસે આવવાનું સુચન કર્યું નેહા દિવસના છ કલાક ઓફિસે જવા લાગી પરંતુ ઓફિસમાં થોડી ઘણી દેખરેખ કે રૂટીન E-mail લેવામાં જવાબો આપવામાં એને ખાસ રસ ન પડયો. એને કંઈક ક્રીએટીવ કામ કરવું હતું. નેહાએ કુનાલને મનની વાત કરી પણ મોટાભાઈ કે પપ્પા સામે નોકરીની વાત કરવાની એની હિંમત ન ચાલી. નેહા ઉદાસ રહેવા લાગી, એની આ ઉદાસી સસરા પ્રશાંતભાઈની નજરમાં આવી ગઈ તેઓએ નેહાને પોતાની કેબીનમાં બોલાવી પ્રેમથી વાત કરી, નેહાએ પણ ખુબ આદરથી અને થોડા સંકોચથી પોતાના મનની વાત રજુ કરી. પ્રશાંતભાઈને પહેલાં તો નવાઈ લાગી ઘરમાં આટલી સુખ-સાહ્યબી છે છતાં ઘરની વહુ નોકરી કરે ? નાણાવટી કુટંબના ઈતિહાસમાં આવું થયું નહોતું, લોકો શું કહેશે એવા વિચારો તેમના મનમાં આવી ગયાં. કુણાલ સાથે તેઓ ચર્ચા કરી જોઈ. કુણાલ પણ મનમાં તો ઈચ્છતો હતો કે નેહા પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરે સર્જકતાનો આનંદ એ પોતાની ત્રીજી ફેકટરી કરતી વખતે માણી ચુક્યો હતો. એને ત્યારેક કંઈક નવું સર્જન કરવાના ધ્યેય પાસે પડેલી બધી જ મુશ્કેલીઓ વામણી લાગતી અને જ્યારે આજે નેહાને આ ખુશી મળતી હોય તો એ ખુશ હતો છેવટે પ્રશાંતભાઈએ ઘરના બધાના વિરોધની વચ્ચે પણ નેહાને આર્કીટકેટનો જોબ કરવાની સંમતિ આપી એટલું જ નહીં સારી કંપનીમાં પોતની ઓળખાણ દ્વારા નેહાને સર્જકતાનું વિશાળ મેદાન પણ અપાવી દીધું.

નેહા આજે ખુબ ખુબ ખુશ હતી એને મમતા કાલિયાનું એક કાવ્ય યાદ આવી ગયું જેનો સુર કંઈક આવો હતો, ''હું કમળા, વિમળા, શાંતા કે કાંતા હોઈ શકું. હું રાધું છું, ધોઉં છું, ધારણ કરું છું, ઉછેરું છું, શોષાઉ છું, ઓછા ભાવમાં નકામા ચલચિત્રો જોઉં છું, સુખી દેખાઉ છું, ઘરના સામાન સાથે મફત મળતી પ્લાસ્ટીકની બાલદી લઈ આવું છું અને સુખી છું એવો દેખાડો કરું છું. કાંતા, શાતાની જેમ દર મહિને મારું વજન વધે છે અને હું સુખી છું.'' નેહાને લાગ્યું કે કાંતા, શાંતાની જેમ આરામનું આભાસી સુખ નહીં પણ મહેનતનું સર્જકતાનું, આત્મવિકાસનું સુખ એની રાહ જોતું ઉભું છે. પોતાનો આ રીતે ઉછેર કરવા બદલ મનોમન બોલી ઉઠી, 'થેન્કયુ પપ્પા'.

✍ *નિખિલ પરીખ*

# માનસિક શાંતિનું મહત્વ

જીવન અને નિયતીનો ક્રમ છે. સવાર થાય, સાંજ થાય, રાત થાય એવું જ જીવનમાં ધૂપ છાંવ આવે જ આવે. વળી લક્ષ્મીજી પણ ક્યારેક રુસણાં લઈને ચાલ્યાં જાય પરંતુ જીવનમાં શાંતિ હોય ક્યારે? લક્ષ્મીજી તો ચંચળ છે જ, અને સર્વ સંપન્ન સુખ સુવિધાવાળુ જીવન હોય તો પણ મન ઘણીવાર અશાંત હોય મન પણ એવું જ ચંચળ છે એને જેમ જેમ બધું સુખ મળતું હોય છતાં તેને કંઈકની કંઈક ઉણપ વર્તાતી હોય છે. કોઈને બાળકો હોય, કોઈને ન પણ હોય, કોઈને મંદબુદ્ધિનો હોય, ઓછું ભણતું હોય યા તો વ્યસની બની જાય. ડ્રગ એડિક્ટ થઈ જાય, કોઈ કુસંગી બને યા કોઈ ધાધરીની સાગાઈને મહત્વ આપે. યા તો બૈરીનો ડોળો જોઈને માતા પિતાને પ્રેમ આપતા ખચકાય, આ તો બાળકોની વાત થઈ એવું જ ભાઈ બેનોનું પણ કલુશીત વર્તન બની જતું હોય છે. યા તો ગૃહ લક્ષ્મીજી બીજાના પ્રેમ પડી ઘરનું વાતાવરણ ડોહળી નાંખતા હોય જો કે અપવાદ રૂપ છે અથવા તો પિયુજી પર સ્ત્રીનાં સંગમાં રાચંતા હોય અને ઘરને નરક બનાવતાં હોય, કોઈને બીઝનેસમાં પ્રગતિ ન મળતાં નાસીપાસ થતાં હોય, કોઈ બાળકો વિદ્યા ક્ષેત્રે નાસીપાસ થતાં હોય, તો કોઈ રોજગારના ઘેરાવાથી અટવાઈ ગયાં હોય આમ શાંતિ દેવી અશાંતિના ઘેરામાં ઘેરાઈ જતાં હોય છે. આવા તો કંઈ ઘણાય માનસિક શાંતિ છીનવાતાં સોપાનો છે. માનસિક શાંતિ આગળ લખ્યું છે તેમ મનને 'સીક' બિમાર બનાવે છે. સંસારના અટપટા સંબધો, સાધનો, પરિબળોથી જ સંસાર અસાર છે. સુખ દુ:ખની પરછાંઈ છે અનેકાનેક વિટંબણાથી ઘેરાયેલો છે? તો માનસિક શાંતિ ક્યાં કેવી રીતે મળે? માનસિક શાંતિ એટલે....? માનસિક શાંતિ મેળવવી કેમ? ચાલશે, ફાવશે, દોડશે એને સુત્રધાર બનાવો. સંતોષની ગારાએ જીવનને લીંપી નાંખો. મનમાં શાંતિનો દીવડો પ્રગટાવો એટલે શાંતિ તમારા ઘરમાં તોરણ બાંધશે, આ કહેવા સૂનવાની વાત નથી. અનુભવના એરણે ચડાવવાની વાત છે. મનને કોઈ ઉણપ ન વર્તાય એટલે માનસિક શાંતિ તમારી સામે જ આવી ઉભી સમજો. આમાં નથી નાણા ખરચવાની વાત કે નથી પ્રલોભનની વાત, બસ માનસિક શાંતિ મેળવશો, એટલે એના ગુણધર્મ સમજાશે.

પહેલું તો તમે વહેલી પરોઢના જાગો અને ત્યારે મન બહુ સ્વસ્થ હોય અને ત્યારે તમે જો ઈશ્વરનું સ્મરણ કરો, ખરેખર મનને શાંતિ મળશે અને એટલે જ આપોઆપ માનસિક શાંતિનું મહત્વ સમજાઈ જશે. વહેલી સવારના અગાશીમાં જઈને અડધો કલાક શાંત મનને કુદરત જોડે જોડી દો, તેની સાથે મનોમન વાતો કરો. વિશાળ આભ, શાંત વહેતો સમીર, રૂના પોલ સમાન વાદળો, પંખીડાનો કિલકાર તથા ઉગતા સૂરજની લાલીમાં અને એમાંથી વેરાતો ગુલાબી ઉષાનો રંગ, જો બાગમાં ટહેલતાં હો તો ફૂલ પાન પર પડેલાં શબનમનાં બિદુંઓ સૂર્યના કિરણો ઝીલતાં જોવાનું તથા વાતાવરણને ખુશનુમા બનાવતી સાગર યા ઝીલની લહેરો. આવા સુંદર દૃશ્યને મનમાં, આંખોમાં સમાવી જુઓ, સાથે મુખથી મંત્ર જાપ કરતાં રહો : આ જ માનસિક શાંતિ. કુદરતને ખોળે લપાઈ બેઠી હોય તે તમારે તેને શોધવાની છે. આ અડઘો કલાકમાં મળેલી માનસીક શાંતિ આખો દિવસ તમારો સ્ફૂરતિલો બનાવશે હવે તેનું મહત્વ ક્યાં, ક્યારે કટેલું છે તે તમને જાતે જ સમજાઈ જશે. આ તો માનસિક શાંતિનું પહેલું સોપન હતું, હવે આપણે એક બીજું સોપાન ચડીશું અને બીજે ક્યાં માનસિક શાંતિ લપાઈ બેઠી છે એને ખોળીશું?

આપણું મન માનસિક રીતે શાંત હોય તો તેની અસર આપણાં શરીરના સ્વાસ્થ પર પડે છે. શરીરની

તંદુરસ્તી જળવાય છે. માનસિક દુવિધા હોય તો તેની આડ અસર શરીરના સ્વાસ્થ પર પડે અને તેનાથી આપણે કોઈ એવા રોગથી ઘેરાઈ જઈએ છીએ.

મન વાંચીને ચાલવું જોઈએ. એનો પહેલો લાભ તંદુરસ્તીની બક્ષિસ મળે અને તમે તમારું કાર્ય સરળતાથી કરી શકશો. પ્રભુ ભક્તિ પણ મન દઈને કરી શકશો. ઈશ્વરના સાનિધ્યમાં જે સુખ શાંતિ મળે, જે માનસિક આનંદ મળે તે તો ......

'માંહી પડયા તે મહા સુખ માણે...'' જેવું છે જે ઘણા ઘણા પરિબળોથી માનસિક શાંતિ છીનવાતી આપણે જોઈ અને એનાથી આગળ વધતાં 'માનસિક શાંતિનું મહત્વ' સમજી આપણે એક પછી એક કુદરતના ખોળે મળતી માનસિક શાંતિ વહેલી પરોઢના, બીજા સોપાને પ્રભુ ભક્તિમાં લીન થઈને જે સ્વાસ્થ તંદુરસ્તીની બક્ષિસ રૂપે માનસિક શાંતિ મેળવી લીધી, હવે તો માનસિક શાંતિના સરવર અને મહાસાગરમાં ડૂબકી લગાવવાની છે. જૈન લોકો દિવસ દરમ્યાન કોઈ એક પચખાણ લે એવું એક પચખાણ સવારના ઉઠીએ ત્યારે આપણે એક સારું કામ, પર અવરના આત્મા માટે કરીશું એવું પચખાણ લઈએ તો બસ શાંતિ હી શાંતિ. આ માનસિક શાંતિ અવર્ણનીય હશે. ચાલો અનુભવીએ શાંતિ સ્વરૂપ માનસિક શાંતિને અને એના મહત્વને..... જીવનમાં જન્મ ધરીને 'ખાયા પિયા મોજ કિયા' કરતાં સ્વહસ્તે એકાદ પરસેવાનું સારું કામ કરવાનું વિચારીએ, અને આનંદના હોજમાં ડૂબકી મારીએ, અને આવા પરસેવાના સોપાનની સંખ્યા એક એક કરતાં વધારીએ જો શક્ય હોય તો....

'ભક્તિ સરવર ગહેરાં પાની' એટલે માનસિક શાંતિના સરવરમાં ડૂબકી મારવા જેવો આનંદ થશે.

મનની તંદુરસ્તી એટલે તનની પણ તંદુરસ્તી, તન અને મન તંદુરસ્ત તો....'મન ચંગા તો કથરોટમેં ગંગા' હવે સમજાશે માનસિક શાંતિનું મહત્વ અને એ મળતાં સ્વર્ગ સુખનો આનંદ અને આનંદ નાની મોટી સેવામાં જ મળશે. તમારા ઘરમાં કોઈને બર્થ ડે આવે કે બાળક જન્મે તેની ખુશાલીમાં પેંડા વેંચો તેને બદલે તમે સો રૂપિયા થી ૧૦૦૦/- રૂપિયા સુધી ગરીબોને જમાડો, સમય ન હોય તો રૂપિયા મોકલી આપો, બાળક ચાલતું, બોલતું થાય, શાળાએ જતું થાય, એમ વર્ષો વર્ષ યથાશક્તિ દાન આપતાં રહો, આવું જ કોઈના મરણ પ્રસંગે શાંતિપાઠ કરનાર બ્રાહ્મણને થોડુ દાન આપે અને બાકીનું બારમુ તેરમુ ન કરતાં, આર્થોપેડીક હોસ્પટીલમાં વોકર, વ્હીલ ચેર, કેલીપરર્સ, કોઈને બૂટ તો કોઈને કાનનું હીયરીંગ મસીન મૂકાવી આપો, કોઈને દવા, દૂધના પૈસા આપો, વૃક્ષારોપણ સગાંસ્નેહી સાથે મળીને કરો, ગાયોના માટે ઘાસચારો મોકલી આપો તો કોઈના ખેતરે કુવા ખોદાવી આપો. આમ માનસિક શાંતિના સોપાનો એક પછી એક ચઢતાં જશે. આવી જ રીતે લગ્ન જેવા, વાસ્તુ યા ખોળો ભરવા જેવા શુભ પ્રસંગે, ગરીબોને એક મિઢાઈ, એક ફરસાણ, શાક, દાળ, કઢી ભાત જમાડો. ગરીબોએ જન્મ ધરી કદીય ચાખ્યું પણ ન હોય, તો તેમને ખુશી મળે એ અવર્ણનીય હોય અને એનાથી દુગની શાંતિ તમને મળશે. તમારી આવનાર પેઢીને પણ તારી જશે. તમને પુણ્યનું પોટલું મળશે. ગરીબી એવી મજબૂરી છે કે આવું સારું જમણ મળતાં તમને દુઆ જરરૂથી આપશે. ક્ષુધા તેમની તૃપ્તિ થશે, અને એનો ઓડકાર તમને આવશે. જીવનમાં સંપૂર્ણતા અપવાદરૂપ છોડીને કોઈને જ મળતી નથી. સંસારની અથડામણો ભરી ઘટમાળ, યા કલુશીત વાતાવરણની ભીંસમાં ભીસાંવું, અને

*અનુસંધાન પાના નં. ૮*

# પારકી પંચાત છોડીએ....

આપણા સમાજની દરેક વ્યકિત સામાજીક રીતે અરસપરસ સંકળાએલી હોય છે એટલે પ્રત્યેક વ્યક્તિના વિચાર આચારની અસર સમાજ પર પડે તે સ્વાભાવિક છે. દરેક માનવીમાં કેટલાક સદ્‌ગુણો હોય છે તેમ કેટલાક અવગુણો પણ હોય છે. માનવી પોતાના ગુણો જોયા કરે છે અને આત્મસંતોષની અનુભૂતિ કરે છે પણ સાથે સાથે માનવીએ પોતાની અંદર છૂપાએલા અનેક દોષોને જોવાની દિવ્ય દૃષ્ટી કેળવવી જોઈએ. પોતાની ભીતર અંતર દૃષ્ટિ કરી જોઈશું તો આવા અનેક દોષો સ્પષ્ટ દેખાઈ આવશે. આપણે આપણી અંદર જોઈશું તો એટલાબધા દોષો હશે કે પછી બીજાના દોષો જોવાનો સમય જ નહીં મળે. છતાં પણ માનવ સ્વભાવ પોતાના દોષો ને દોષ તરીકે સ્વીકારવાને બદલે બીજાના દોષોને જ જોયા કરે છે. આમ કરવા જતાં આપણે પારકી પંચાત કરવાની તક મળે તે ચૂકતા નથી. આપણે સમજી લઈએ કે આ પારકી પંચાત કરવા પાછળ આપણો આશય શુભ છે ? અને જો તે શુભ હોય તો કંઈ કહેવાનું રહેતું નથી. પરંતુ જો આ પંચાતની પાછળ અન્ય વ્યક્તિને ઉતારી પાડવી, તેનું ઘસાતુ બોલવું અને તેમાંથી ક્ષણિક વિકૃત આનંદ મેળવવાની વૃત્તિ છુપાયેલી હોય તો તે પંચાત જેની કરીએ છીએ તેને કોઈ રીતે મદદરૂપ નહિ થાય પણ તેની મુશ્કેલીની માત્ર બીન જરૂરી જાહેરાત થશે અને તેની મશ્કરી રૂપ બની રહેશે. પંચાત કરનાર કહેશે જમાનો કેટલો બદલાઈ ગયો છે. પણ ખરે જ જમાનો નથી બદલાયો પણ આપણે બદલાઈ ગયા છીએ. જમાનો તો તેનો તે જ છે. જમાનામાં શું સમાએલું છે ?માનવીના વિચાર આચાર પ્રમાણે જમાનો ઓળખાય છે. જમાનાની ઓળખ માનવીની રહેણી કરણી આચાર વિચાર જ છે. જમાનાના ખુદ પોતાના કોઈ દોષ હોતા નથી. પરિસ્થિતી સંજોગોનું પૃથ્થકરણ કરીને સાચુ મૂલ્યાંકન કરવાની આવડત કુશળતાથી કેળવીએ તો પંચાત કરવાની આપણી દૃષ્ટિ આપણી સમજ ધરમૂળથી બદલાય છે. પણ આમ થતું નથી. માત્ર પંચાત કરી અન્યનું ઘસાતું બોલી હલકા પ્રકારનો આનંદ મેળવીએ છીએ જે ત્યાજય છે. પંચાત કરનાર અન્યની પંચાત કરતાં કહે છે કે ફલાણાભાઈ પાસે ત્રણ ચાર બેડરૂમનો ફલેટ છે. તેમાં તેનો છોકરો સરળતાથી સમાઈ શકે તેમ હોવા છતાં પોતાના એકના એક દીકરાને જુદો કર્યો. ભાઈ પંચાત કરનાર! બાપ બેટા છતી જગ્યાએ જુદા થયા તે તેમની વ્યવસ્થા છે તેમની અનુકુળતા મુજબ નિર્ણયથી છુટા પડયાં છે. તુ ંઅંદરનું કંઈ પણ જાણ્યા વિના પંચાત કરી તેમના અંગત પ્રસંગની ખરાબ આશયથી આલોચના કરી વિકૃત આનંદ માની અન્યને આવો હલકો આનંદ લૂંટાવતો હોય તેવો ખોટો માનસિક સંતોષ માનતો હોય છે વળી પાછો સમય કાઢી પંચાત કરે છે. ફલાણાનો દિકરો અમેરિકા અભ્યાસ અર્થે ગયોછે પણ તે પછી તે ત્યાં એસ્ટાબ્લીશ થવાને બદલે અહિંયા પાછો આવ્યો હોય. આમ પાછું અવાતુ હશે ? અરે પંચાત કરનારા ભાઈ તને તેમના કુટુંબના સંજોગો પરિસ્થિતી અને તેમના કૌટુંબિક આયોજનની કંઈ માહિતી છે ? નથી. તો પછી શા માટે આવી બધી પંચાત કરી તેમના કુટુંબને ઉતારી પાડવા મિથ્યા કોશીષ કર્યા કરે છે. તેમાંથી તું કશું જ પામવાનો નથી. સિવાય કે હલકો આનંદ. જેના કુટુંબમાં આમ બન્યું છે તેમને પણ આનો કોઈ વસવસો નથી તેમને તેમની વ્યવસ્થા - આયોજન પ્રમાણે આમ કર્યું હોય છે અને તેનાથી તેઓ સંતુષ્ટ છે પછી તું શા માટે

પંચાત કરી દૂબળો થાય છે અને અન્યની વચ્ચે કંઈ શોધી લાવ્યાની બડાશ મારી છાતી કાઢી ફરે છે  આ બધું વ્યર્થ છે. આવા જાતજાતના પ્રસંગો પકડી અન્ય કુટુંબીઓને હલકા ચિતરવાની વૃત્તિને વેગ આપવાને બદલે થોડા સ્વમુખી થઈ. આપણે આપણું આત્મદર્શન કરીએ. અરીસામાં જોઈશું તો જણાશે કે **'મોસમ કોણ કુટૂલ ખલ કામી'** મારા જેવો કોઈ ખરાબ નથી. આવી અનુભૂતિ કરીએ પછી અન્યના આવા પ્રસંગોને પંચાત કરવાનો વિષય બનાવાને બદલે સાચી દૃષ્ટિથી સમજદારીથી જોવાનો પ્રસંગ બનાવી તે રીતે તેમની સમીક્ષા કરતા થઈ જઈશું. આથી જમાનાને જોવાની આપણી વિકૃત દૃષ્ટિ બદલાઈ જશે.જમાનો સારો લાગશે. જીવનમાં પરિવર્તન આવશે  કુત્રિમ આનંદને બદલે નિજાનંદની અનુભૂતિ કરીશું. દૃષ્ટિ બદલાતા સૃષ્ટિ બદલાઈ ગયેલી લાગશે, બધું પીળું પીળું દેખાડનાર કમળો જ નિર્મૂળ થશે અને અન્યને આધાત પહોંચાડનાર આપણી ધારદાર જબાન અન્યના ઘા રૂઝવવા કાર્યરત થઈ જશે. આવું પરિવર્તન આવતાં પંચાત કરનારાઓની જમાત ધીરે ધીરે નિર્મૂળ થતી જતી રહેશે અને એક દિવસ એવો આવશે કે પંચાત કરવાનો અવગુણ દૂર થઈ જશે. સમાજ વિશુદ્ધ તંદુરસ્ત બનશે. માનવી-માનવીની સાચી સુંગધ-પ્રેમ સમાજમાં પ્રસરશે. કહ્યું છે ને કે સુંગધ વગરનું પુષ્પ બેકાર છે. તેમ પ્રેમ વગરનું જીવન બેકાર છે તો જીવનને પ્રેમમય -સુંગધમય બનાવવા પારકીપંચાત જેવા જ બીજા અવગુણો માનવીમાં ઘર કરીને બેઠા હોય તેને ધરમૂળથી વિદાય આપીએ અને એક આદર્શ નાગરિકને માટે જોઈતા તમામ ગુણો સંપાદન કરવાનો સતત પુરષાર્થ આદરીશું તો આદર્શ સમાજ રચનાનું આપણું સૌનું સ્વરૂપનું સાકાર કરવા ઈશ્વર આત્મર્થ્ય અવશ્ય આપશે. તો ચાલો આજથી પારકી પંચાત છોડીએ અને હળાવાફૂલ થઈ જઈએ. જીવન જીવીએ અને જીવી જાણીએ.

અંતમાં પારકી પંચાતનાં માત્ર બેજ ઉદાહરણ ટાંકયા છે. આવાં અનેક ટાંકી શકાય પણ અવગુણની ખરાબી બતાવવા બે જ બસ છે. બાકી પુનરાવર્તન જ થશે એટલે જ્યોતિ પુંજમાં વાંચકોને વધુ રોકી રાખવા યથાર્થ લાગ્યું નથી.

*- રસિક પરીખ*


નાના સદ્‌ગુણો જીવનને મધુર બનાવે છે અને મોટા સદ્‌ગુણો જીવનને ઉમદા બનાવે છે.

---

*અનુસંધાન પાના નં. ૬ થી ક્રમશ:*

માનસિક તાણ અનુભવવી એના કરતાં કેડી અને રસ્તો તમારી સામે જ છે. તમે જે કરતાં હોય તેના અક્ષરો તમારી જીવનની ડાયરીમાં લખાતા રહેશે અને એનો પ્રતિસાદ સંસ્કાર તમારા બાળકોમાં જરૂરથી વંચાતો રહેશે. તેમને અને તમને એક કેડી રસ્તો મળ્યો છે. માનસિક શાંતિના પહેલાં સોપાનથી દિનચર્યા શરૂ કરવી અને અંતિમ સુધી દાનની ગંગા યથાશક્તિ વહાવી કેડી પર પર પ્રયાણ આદરવું. માનસિક આનંદની સરવાણી, મહત્તા સાથે.... અજમાયશ કરી જોજો......

✤ ✤ ✤




# ગણિત આંગળીના વેઢે




## (VEDI MATHS)

- નિમિષા કીરણ પરીખ

Today MBA is the most sought after career. And if you can do MBA from any of the IIMS then nothing like it. More than a lac of students take CAT every year. They have a dream of doing MBA from IIMs. How many of them really make it to IIMs? Very few. The intake of IIMs is around 1400-1600 students.

IIT is the premier technology institute in India. It is a name to which everybody wants to be associated with. But is it possible? Statistics says that only 3% of students who take this examination gets finally selected. What does this mean? Only fit of the fittest can get square root of the number given below?

123456787654321

a) 1234569 b) 23456791 c) 11111111 d) 1267541

What I would like to discuss is the pattern, which squares of a,11,111 forms and number of digits in square root of a number and which number may be a perfect square?

First of all pattern

| | | | |
|---|---|---|---|
| square of | 1 | = | 1 |
| square | 11 | = | 121 |
| square | 111 | = | 12321 |
| square | 1111 | = | 1234321 |
| square | 11111 | = | 123454321 and so on |

and so forth.

square root of a number will contain n/2 digits if it is even and n + 1/2 if it is odd, where n is number of digits in the given number.

You can use this tips to eliminate some of the choices.

Which number may be the perfect square? Understand this.

| | | | |
|---|---|---|---|
| square of | 1 | = | 1 |
| square of | 2 | = | 4 |
| square of | 3 | = | 9 |
| square of | 4 | = | 16 |
| square of | 5 | = | 25 |
| square of | 6 | = | 36 |
| square of | 7 | = | 49 |
| square of | 8 | = | 64 |
| square of | 9 | = | 81 |
| square of | 10 | = | 100 |

By seeing this the last digits you can say that number ending with 1, 4, 5, 6, 9 and 0 may be a perfect square. Where as number ending Where as number ending with 2,3,7 and 8 will never be a perfect square.

Last time we had discussed how to fine out square of a number which is near to the base 10,100 and 50. This time we will see how to find out square of an adjacent number!

You know the square of 30, 40, 50, 60 etc. but if you are required to calculate square of 31 or 61 then you will scribble in paper and try answer the question.

Can it be done mentally? Yes it can be!

You know

$60^2$ = 3600

$61^2$ will be given by the following

$61^2 = 60^2 + (60+61) = 3600+121=3721$

or say you know $30^2 = 900$ then

$31^2 = 30^2 + (30+31) = 900+61 = 961$

$41^2 = 40^2+(40+41) = 1600+81+1681$

$101^2 + 100^2+(100+101) = 10000+201+10201$

$121^2 = 120^2+ (120+121) = 14400+241 = 14641$

$351^2 = 350^2+(350+351) = 122500+701 = 123201$

(For 35 Use short cut method for squaring number ending in 5, 3 x 4/25 = 125)

= 123201

or say you know

$25^2 = 625$ then $26^2 = 625+(25+26)=676$

$86^2=85^2+(85+86)=8 \times 9/25 + 171$ (For 85 using short cut for squaring number ending is 5)

$86^2$=7225+717=7396

practice with these.

$71^2$, $81^2$, $51^2$, $16^2$, $201^2$, $66^2$

To square 66 mentally I say "sixty-five square is forty-two twenty five short cut for squaring number ending in 5. Sixty-five doubled is one hundred and thirty, forty three fifty-five, plus one, forty-three fifty-six (4356)

Now try all of the above problems in your head.

above formula is used to find out square of a number which is one more than the number whose square is know. Similarly, you can find out square of a number that is one less than the number whose square is know.

Let's see by taking an example.

Say you know $60^2$ = 3600

Then $59^2$ will be given by the following

$59^2 = 60^2$ - (60 +56) = 3600-119=3481

$99^2 = 100^2$ - (100+99) = 1000 - 199 = 9801

$39^2 = 40^2$ - (40+39) = 1600-79 = 1521

$24^2 = 25^2$ - (25+24) = 625 - 49 = 576

$119^2 = 120^2$ - (120+119) = 14400 - 239 = 14161

$349^2 = 350^2$ - (350+349) = 122500-699 = 121801

(3 x 4/25 = 1225, shortcut method for finding square of number ending in 5)

How could we calculate 84 squared?

$85^2$ = 7225 (8 x 9/25)

now subtract 84 + 85 = 169 from 7225

7,225 - 169 7,056 (you can subtract 200, then add 31 to get number?)

Try these for yourself

$69^2$, $89^2$, $79^2$, $74^2$

To square 79 in my head I would say ,"eighty square is sixty-four hundred, twice eighty is one hundred and sixty. Sixty-four hundred minus two hundred is sixty-two hundreds, plus forty is sixty-two hundred and forty, plus one, sixty-two hundred and forty-one (6,241)

Practice these in your head until you can do them without effort.

Squaring number near 20, 30, 200, 500

This is similar to our strategy for squaring number near to the base 10, but 20 is 2 times 10, we multiply the left hand side part with 2.

For example if you want square of 22

$22^2$ = 2 (22 + 2)/$2^2$ = 2(24)/4 = 48/4 = 484

$24^2$ = 2 (24+4)/$4^2$ = 2 (28)/16 = 56/16 = 576

same way

$32^2$ = 3 (32 +2)/$2^2$ = 3 (34)/4 = 102/4 = 1024

$204^2$= 2 (204+4)/$4^2$ = 2 (208)/16 = 416/16 = 41616

for squaring numbers near 500 we take 500 and 250,000 as our reference points as 500 x 500 = 250,000

let's take square of 506

250 + 6/$6^2$ 506 is 6 more than 500

256/36 = 256036 (as the left hand side is 250 + 6 = 256 thousand, t\right hand side contains 3 digits. We fill with required numbers of zeros on the left.)

$512^2$ = 250+12/$12^2$= 262/144 = 262144

$509^2$ = 250+9/$9^2$ = 259/081 = 259081

$535^2$ = 250+ 35/$35^2$ = 285/1225 (3 x 4/25) using short cut method for squareing number ending in 5. $535^2$ = 286225

$635^2$ = 250 + 135/$135^2$ = 385/18225 = 403/225 (18 is carried over)

To square numbers just below 500, we use the following strategy.

$488^2$ = 250 - 12/$12^2$ 238/144 = 238144 (right hand side should have three digits)

try these for yourself

$507^2$, $489^2$, $534^2$, $445^2$

These strategies give you a choice of methods. It is up to you to find the easiest.

These tutorials do not attempt to teach systematic use of vedic sutras, but will definitely give you the distinct image of the vedic mathematics.

# બબલીને અમેરીકા જવુ છે

(ક્રમાંક - ૫)

❒ *જયંતિ કડકીઆ*

'ન તું માગ્યુ તોએ આ ઘડપણ કોણે મોકલ્યુ'

બબલાએ બબલીને કહ્યું, ઘડપણ માણસને સંવેદનશીલ બનાવી દે છે આ ઘડપણમાં માણસને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમાં જો છોકરાઓ સારા હોય તો ઘડપણ દુ:ખદાયી બનતું નથી પરંતુ છોકરાઓ સારા ન હોય તો ઘડપણ દુ:ખદાયી બને છે.

બબલીએ કહ્યું ઘડપણ આવે ત્યારે બિમારી પણ સાથે લાવે છે એમ કેમ ?

બબલાએ કહ્યું ઘડપણ અને બિમારી બંન્નેનો સંબંધ ભાઈ-બહેન જેવો છે. માણસને પહેલું ઘડપણ આવે જ્યારે જેવો એ નબળો પડે એટલે બિમારી તેની પાછળ તેના શરીરમાં પ્રવેશ કરે છે. એમ કહેવાય છે કે ભગવાને માણસને સાઈઠ વર્ષનું આયુષ્ય આપ્યું હતું. માણસ જીવે ત્યાં સુધી આરામથી જીવી શકે એમ ભગવાને વિચાર્યું હતું પરંતુ માણસને આ આયુષ્ય બહુ ટૂંકુ લાગ્યુ એટલે ભગવાને ક્હ્યું અમને આ પુણ્ય ટૂંકુ લાગે છે. તો થોડું વધારે આપો. ભગવાને માણસને કહ્યું કે જે કંઈ કર્યું છે તે બરાબર છે તેમાંજ તમારી શાંતી છે.

માણસે ભગવાનને કહ્યું ભલે થોડું આયુષ્ય દુ:ખમય જાય પરંતુ થોડુ આયુષ્ય વધારે આપો.

ભગવાને ત્યાં સૃષ્ટિમાં બેઠેલા દરેક જણાને પુછયું તમારામાંથી કોઈ પોતાનું આયુષ્ય માણસને આપવા તૈયાર છો ? જ્યારે કુતરાઓના સમુહે કહ્યું ભગવાન અમે આખી જીંદગી ભસી ભસીને થાકી જઈશું તો માણસને અમારા વીસ વર્ષ આપે.

ભગવાને માણસને કહ્યું બોલો કુતરાના વીસ વર્ષ લેવા તમે તૈયાર છો ? માણસે કહ્યું ભલે અમે આ વીસ વર્ષ લેવા તૈયાર છીએ. ત્યારે ભગવાને માણસને ચેતવ્યા જો તમે કુતરા પાસેથી વીસ વર્ષ લેશો તો તમારી દશા કુતરા જેવી થશે. એટલે કે તમારે કુતરાની માફક ભસ્યા કરવુ પડશે એટલે આખો દિવસ બોલ્યા કરવું પડશે. માણસે ભગવાનની આ શરત મંજુર રાખી અને કુતરાના વીસ વર્ષ ઓછા કરી મનુષ્યને વીસ વર્ષ વધારે આપ્યા. આમ માણસનું આયુષ્ય એંશી વર્ષનું થયું. તોયે મનુષ્યને સંતોષ ન થયો. તેથી ભગવાનને ફરીથી વિનંતી કરી ભગવાન અમનેહજુ બીજા વીસ વર્ષ વધારે આપો. અમારે સો વર્ષનું આયુષ્ય જોઈએ છે.

ભગવાને ફરીથી ત્યાં સૃષ્ટિમાં બેઠેલા દરેક જણને પુછયું તમારામાંથી કોઈ પોતાના આયુષ્યના વીસ વર્ષ માણસને આપવા તૈયાર છે ? ત્યારે ગધેડાના સમુહે કહ્યું ભગવાન અમે આખી જીંદગી બોજ ઉઠાવીએ છીએ તો એ ડફણા ખાવા પડે છે તેના કરતાં અમારા વીસ વર્ષ માણસને આપો. ભગવાને માણસને કહ્યું બોલો તમારે ગધેડાના વીસ વર્ષ જોઈએ છે ? જો તમે ગધેડા પાસેથી વીસ વર્ષ લેશો તો ગધેડાની માફક ડફળા ખાવાનો વખત આવશે એમ ભગવાને માણસને ચેતવણી આપતાં કહ્યું. માણસે ભગવાનને કહ્યું કે અમને ચાલશે ત્યારે ભગવાને ગધેડાના વીસ વર્ષ આપ્યા આમ ગધેડાના વીસ વર્ષ પછી માણસનું આયુષ્ય સો વર્ષનું થયું.

ભગવાને વિચાર્યું માણસ કેવો સ્વાર્થી છે કે મે

તેમને શાંતીથી જીવવા સાઠ વર્ષ આપ્યા હતા છતાં સંતોષ ન થયો અને વીસ વર્ષ કુતરા જેવું અને બીજા વીસ વર્ષ ગધેડાનું જેવું જીવન જીવવા તૈયાર થયો ? ભગવાને માણસને સૃષ્ટિના દરેક જીવો કરતાં એક ચીજ વધારાની આપી જેથી માણસ શાંતિથી જીવી શકે છે એ છે વિચારવાની શક્તિ. આ શક્તિ સારી દિશામાં વાપરો તો સારા પરિણામ આવે અને જો ખરાબ દિશામાં વાપરો તો ખરાબ પરિણામ આવે. પરંતુ માણસ આ શક્તિનો સદ્ઉપયોગ કરવા કરતાં દુરઉપયોગ વધારે કરે છે. માણસે શાંતીથી જીવવું હોય તો હકારાત્મક રીતે વિચારવું જોઈએ જેથી જીંદગી શાંતીમય તેમજ આનંદમય રહે ! નકારાત્મક વિચાર માણસને બરબાદ કરે છે.

ભગવાને માણસ શાંતિથી જીવી શકે તે માટે તબક્કાવાર જીંદગી ગોઠવી પહેલું તેમને બચપણ આપ્યું. બચપણ જન્મથી બાર વર્ષ પુરાં થાય ત્યાં સુધી ગણાય. આ જીદંગીમાં મોજમઝા, મસ્તી, રમવા, ખેલવા જેવા દિવસો રાખ્યા. એટલે કે જન્મથી ત્રણ વર્ષ બચ્ચા તરીકે ગણાયું. તે ગમે ત્યાં મા-બાપ સાથે જાય તો તેની ટીકીટ લેવામાં આવતી નથી. પછી ચાર વર્ષથી બાર વર્ષ સુધી અડધી ટીકીટ લેવામાં આવે છે. બાળકો છ વર્ષના થાય ત્યારે શાળામાં દાખલ કરવામાં આવે છે. પહેલાંના જમાનામાં હાલ જેટલી સુવિધા ન હતી. બાળક પાંચ વર્ષના થાય ત્યારે બ્રાહ્મણને ઘરે ભણવા મુકતા હતા. બાળકને ત્યાં ભણવા મુકવાનો હોય ત્યારે તેમને જાણ કરવામાં આવતી અને દિવસ ચોક્કસ કરી બ્રાહ્મણ તેમના ઘરે ભણતા તમામ બાળકોને લઈ નવા આવનાર બાળકને ઘરે આવતા અને આવેલા દરેક બાળકને નાસ્તો આપવામાં આવતો હતો. જે બાળક બ્રાહ્મણને ઘરે જવાનો હોય તેને સરઘસ આકારે આ નવા બાળકને લઈ જતા. બાળકને ભણાવવા માટે એ સમયે અગીયારશે સીધુ તેમજ ચાર આના આપવામાં આવતા હતા જ્યારે આજે બાળકોને રમવાના દિવસો હોય ત્યારે એટલે અઢી વર્ષનો થાય ત્યારે નર્સરી હોમમાં ભારે ફી આપી મુકવામાં આવે છે. બ્રાહ્મણની ઘરે થોડું શિખેલો અને નર્સરીહોમમાં શીખેલા દરેક બાળકને છ વર્ષનો થતાં શાળામાં મુકવામાં આવે છે.

બાળક જ્યારે બાર વર્ષનો થાય એટલે કિશોર અને છોકરી હોય જે કીશોરી કહેવામાં આવે છે. આમ જીંદગીનો બીજો તબક્કો શરૂ થાય છે. આપણાંમાં કહેવત છે કે ‘સોળે શાન અને વીસે આન’ આવવી જરૂરી છે.કીશોરી થયેલી છોકરી સોળ વર્ષની થાય ત્યારે સ્વીટ સીક્સટીન કહેવામાં આવે છે. એટલે સોળ વર્ષનો છોકરા કે છોકરીને શાન એટલે ડાહપણ આવે છે અને વીસ વર્ષનો થાય એટલે સંપૂર્ણ બુદ્ધિ આવે છે.

છોકરા અને છોકરી વીસ વર્ષનાં થાય એટલે યુવક-યુવતી કહેવાય છે અહીંથી જીંદગીની શરૂઆત થાય છે. વીસથી પચાસ વર્ષ સુધી જેટલું ભણવું હોય તેટલું ભણી શકે ત્યારબાદ તેઓના લગ્ન થાય અને યુવાનોએ નોકરી કરી અથવા ધંધો કરી પૈસા કમાવવાના હોય છે. જ્યારે યુવતીઓએ ગૃહસ્થી બની ઘર સંભાળવાનું હોય છે. તેમજ બાળકોનું ઉછેર કરવાનું છે. આ ગાળો સુર્વણ ગાળો કહેવાય છે.

એકાવનથી ઘડપણ જવાની શરૂઆત થાય છે. સાઠ વર્ષ સુધી ઘડપણ રહે છે. પહેલાંના વખતમાં માણસે ‘વન’ પુરુ કર્યું હોય તેઓ ઘણું જીવ્યા કહેવાય એમ મનાતુ હતું કારણ કે ત્યારે આપણા દેશનું સરેરાશ બાસઢ વર્ષનું હતું. સાઠ ઉપર જે જીવ્યા તેમાંથી કેટલાકને

ઘડપણ કેવું છે તેનો ખ્યાલ આવી ગયો છે. તેથી કહેતા 'ન તું માંગ્યુ તોએ આ ઘડપણ કોણે મોકલ્યુ' બબલીએ કહ્યું ઘડપણમાં કેટલી તકલીફ પડે છે એતો મને ખ્યાલ નથી. તને જો ખ્યાલ હોય તો જણાવ.

બબલાએ કહ્યું ઘડપણના કેટલા કિસ્સા આપણા સમાજમાં નોંધવા જેવા છે તે તને જણાવીશ. આવા કિસ્સા ઓછા બને છે પરંતુ બને છે સત્ય છે.

એક છોકરાએ તેના બાપના મૃત્યુ પછી તેની બાને જાત્રા કરવા મોકલી. જાત્રા કરવા મોકલતાં પહેલાં છોકરાએ એની માને સમજાવી કેટલા કાગળ પર સહી કરાવી લીધી. સહી લેતી વખતે કહ્યું કે તારી જાત્રા દરમિયાન તારી સહીની જરૂરિયાત ઉભી થાય ત્યારે આ સહી કરેલા કાગળો કામ આવે એમ સમજાવ્યું. બા જાત્રા કરવા ગઈ અને જ્યારે પાછી આવી ત્યારે છોકરાએ ઘરના તાળા બદલી નાખ્યા હતા. છોકરાએ આ બ્લોક તને આપ્યો છે એવું લખાવી લીધી હતું. જાત્રાએથી પાછી આવેલી છોકરાની બા સાંજ સુધી પાડોશીને ત્યાં રોકાઈ, જ્યારે છોકરો સાંજે પાછો આવ્યો ત્યારે તાળાં કેમ બદલ્યા છે એમ પુછયું ત્યારે કહ્યું કે તે મને બ્લોક બક્ષીસમાં આપી દીધો છે એટલે અમે તાળાં બદલ્યાં છે. તેનો બીજો દિકરો પરાંમાં રહેતો હતો તેને ફોન કર્યો તેને સઘળી હકીકત કહી ત્યારે બીજા છોકરાએ તેની માને તેના મોટાભાઈના સ્વભાવની પહેલાં વાત કરી હતી. માએ આ વાત માની નહી તેથી આજે આ સ્થિતિ પેદા થઈ. નાના છોકરો માને તેની સાથે રહેવા લઈ ગયો.

(વધુ આવતાં અંકે)

***(ગત અંકમાં એક કાગળ ગુમ થવાથી જોડાણ બરાબર થયુ નહતું એ બદલ ક્ષમા)***

# ત્રણ હાઈકૂ

ભૂરી સોનેરા
રંગછટા વેરી
નભમાં
ડૂબ્યો સૂરજ

**(કોકોનટ લગૂન - કુમારકોમ-કેરાલાના 'બેક વોટર'માં હોડીમાંથી સૂર્યાસ્તનું કમનીય મનોહારી દૃશ્ય જોયા પછી સ્ફુરેલું.)**

મારી - તમારી
મળી નજર
રચાયું તારા મૈત્રક

* * *

પ્રસાર્યા બાહુઓ
સમગ્ર વિશ્વ
આશ્લેષમાં

(અંગ્રેજી પુસ્તિકા In Moments of Easeના મુખપૃષ્ઠનો ભાવાનુવાદ.)

## મૈત્રી ગીતા

મિત્ર મૈત્રી આ બધું
કેવું અહીં અઢળક મળે!
હોય જો નિર્ભાર હૈયું
સર્વ અહીં અઢળક મળે

મનની છે મિરાત ને
મનની આ સોગાત સંગ
જે મળે, જ્યારે મળે
અનહદ મળે, અનહદ મળે.

***- પ્રવીણ દેસાઈ***

# વાડાસિનોરના વર્તમાન........

✤ ૨૧મી સદીમાં આવું પણ બને છે ! તાલુકા મથક બાલાસિનોર ખાતે એક પરિણીતાને સંતાનો માત્ર બે દીકરીઓ જ હોવાથી, પુત્રપ્રાપ્તિની લાલસામાં બીજા લગ્ન કરવા પૈસાની માંગણી કરી સાસરીયાઓએ શારીરિક-માનસિક ત્રાસ આપી ભાર્ગવીબેન નામની પરિણીતાને કેરોસીન છાંટી સળગાવી દેતાં ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં કે. એમ.જી. જનરલ હોસ્પટિલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પટિલમાં ખસેડાઈ જ્યાં સારવાર દરમ્યાન તેણીનું મોત નિપજ્યું હતું.

તા. ૩જી નવેમ્બરના દિને સવારે ૧૦.૦૦ વાગે ભાર્ગવીબેન પોતાના ઘરે હતા ત્યારે, પતિ વિનોદ, સાસુ-ભુરીબેન, બે નણંદો, ફોઈ સાસુ શાન્તાબેન અને સવિતાબેન તથા ફુઆ સસરા ગણપતભાઈ જેઠાભાઈ પરમાર વગેરેએ ભેગા મળી, તેના પર કેસોરીન છાંટી દિવાસળી ચાંપી જીવતી સળગાવી દીધી હતી. દરમ્યાન કુટુંબના સભ્યોએ ધાબળા નાખંતા આગ ઓલવી નાખી હતી.

✤ નગરપાલિકા દેવાદાર બની ગઈ છે ! - આનંદ તેમજ ખેડા જિલ્લાની પાલિકાઓનાં કરોડોનાં વીજબિલ બાકી છે તેમાં બાલાસિનોરની નગરપાલિકાનું રૂા. ૭૪.૧૫ લાખનું વીજબીલ બાકી છે. ગયા વર્ષે માર્ચ-એપ્રિલમાં બાકી વીજબીલ પ્રશ્ને લાઈટનું જોડાણ કપાઈ જવા સુધીની નોબત આવી હતી. ખબર નથી પડતી નગરપાલિકાની આવક ના નાણાં ક્યાં જાય છે ?

*(દિવ્ય ભાસ્કર ૪.૧૧, ૨૨.૧૧.૦૪ માંથી સંકલિત)*

✤ પાલિકાના વર્તમાન પ્રમુખ - વર્ષાબેન શાહ સામે રજૂ થેયલી અવિશ્વાસની દરખાસ્ત, ચુંટાયેલા સદસ્યોની બોલાવાયેલી ખાસ બેઠકમાં અવિશ્વાસની પ્રસ્તાવની તરફેણમાં બેઠકમાં હાજર કુલ ૧૮ સભ્યો મતદાન કર્યું હતું. આમ વર્તમાન પ્રમુખે પોતાની સત્તા ગુમાવી હતી. પ્રમુખ સામે વિકાસલક્ષી પ્રશ્નો ઉપરાંત ગેરરીતિઓની વ્યાપક ફરિયાદોના પગલે પ્રમુખે નિયત સમયમર્યાદામાં ચુંટાયેલા સભ્યોની બેઠક ન બોલાવાતા પ્રમુખ મુકુંદભાઈ ચૌહાણ દ્વારા ૧૯૬૩ના નગરપાલિકા આધિનિયમ ૫૧ (૨) અન્વયે ખાસ બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન શાહ સામે અવિશ્વાસ પ્રસ્તાવનો એકમાત્ર એજન્ડા હતો. પાલિકાના કુલ ૨૭ સભ્યોમાંથી આ બેઠકમાં ૧૮ સભ્યો હાજર હતા.

✤ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિવસ ૨ ઓક્ટોબર થી વેરાસાના પ્રાથમિક શાળામાં સફાઈ અભિયાન યોજાયું હતું. રેંટિયા બારસના દિવસે ગાંધીજીને ગમતું ગીત 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ'' ગાઈને સફાઈ અભિયાનમાં ભાગ લેનાર તમામ બાળકોને પેન્સિલ-રબ્બરની ભેટ, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના મેનેજર રમેશભાઈ ઉનડકટના હસ્તે આપવામાં આવી હતી.

✤ એમ.એ.પાર્ટ -૧ માં અભ્યાસ કરી રહેલ શ્રી સચિન પી. ભટ્ટ ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગ-૨ ના યુવક મહોત્સવમાં મિમિક્રીની સ્પર્ધામાં 'ગોલ્ડ મેડલ' ના અધિકારી બની આપણી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

✤ બાલાસિનોરમાં હડકાયા ગધેડાએ પાંચથી છ વ્યક્તિઓને બચકા ભરી આંતક ફેલાવતા સ્થાનિક જનતામાં ભયની લાગણી વ્યાપી ગઈ હતી. રાજપુર રોડના રહીશોએ પોતાનો રોષ વ્યક્ત કરતા ડફણાં મારી ગધેડાનું મોત નીપજાવ્યું હતું.

✤ ૧૩ મી ઝોન કોન્ફરન્સમાં વાપીથી અમદાવાદ સુધીના વિસ્તારના વિવિધ ચેપ્ટરમાંથી ૩૫૦ જેટલા સભ્યોએ ભાગ લીધો હતો બાલાસિનોર જેસીસીના ૧૫ સભ્યોની ટીમ પ્રમુખ જેસી.વિયન થાનકી સહીત હાજર રહી હતી આયોજીત સ્પર્ધામાં ભાગ લઈ વિજેતા થનાર આ ટીમને એવોર્ડ પ્રાપ્ત થયા.

# સમાચાર વિભાગ

✤ **સીનીયર સીટીઝન ફ્રેન્ડસ ગ્રુપ** - ચોપાટીના સૌજન્યથી તા. ૪.૧.૨૦૦૫ના મંગળવારે રોજ બપોરે ૩.૦૦ થી ૭.૦૦ પ્રેમપુરી આશ્રમ હ્યુજીસ રોડ ખાતે પુષ્ટિમાર્ગ વિશે સરળ ભાષામાં સવિસ્તાર માહીતી આપશે પંડિત અલન શાસ્ત્રીના પૌત્રો પંડિત માલારામ બાલક્રિશન શાસ્ત્રી તથા પંડિત વિશ્વનાથ મનમોહન શાસ્ત્રી (ચતુર્વેદી મથુરા) સૌ બાલાસિનોરવાસીઓને આ પ્રવચનનો લાભ લેવા ખાસ આમંત્રણ.

✤ **સમુહ ભોજન :** મલાડમાં વસતાં બાલાસિનોરવાસીઓનું સમુહભોજન તા. ૯.૧.૨૦૦૫ના રવિવારના રોજ સવારે ૧૧ કલાકે કડીઆવાડી, મામલતદાર વાડી, આંગન હોટલની સામે રાખવામાં આવેલ છે. સૌએ સમયસર હાજર રહેવા વિનંતી. - બાલાસિનોર મિત્ર મંડળ (મલાડ)

✤ **બોરીવલીનો જમણવાર :** બોરીવલી થી વિરાર વસતા બાલાસિનોરવાસીઓનો જમણવાર તા. ૯.૧.૨૦૦૫ના રવવારે સવારે ૧૨ કલાકે રંગોળી ગાર્ડન હોલ, મહાત્રેવાડી, હરીદાસ નગર, બોરીવલી (વેસ્ટ), ખાતે રાખવામાં આવ્યો છે. સવારે ૧૦ થી ૧૨ નાના બાળકોનો ફ્રેન્સીડ્રેસ તથા ગેમ્સનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

***- હેમેન્દ્ર શાહ, પ્રબોધ દોશી***

> પરસ્પર એકબીજા સાથે મધુર વાણીમાં વાત કરવાની, સામેની વ્યક્તિનું માન-સન્માન જાળવીને વિનયથી વાત કરીએ તો આપણે અવશ્ય સૌ કોઈનાં મન જીતીને સૌના પ્રિય બની શકીશું.

✤ અમદાવાદથી સિયાચીન ગ્લેશિયનર સુધી ૬૦૦૦ કિ.મી.ની યોજાયેલી સાહસયાત્રામાં બાલાસિનોર કોલેજના એન.સી.સી. કેડેટ અંકુર શાહે ભાગ લઈ સફળતાપૂર્વક પૂરી કરી કોલેજને ગૌરવ અપાવ્યું છે. આ સમાચારની નોંધ 'ચિત્રલેખા' સાપ્તાહિકે પણ લીધી હતી. અંકરુને આવી સાહસયાત્રા બદલ અભિનંદન.

✤ વનવિભાગીય કચેરી દ્વારા વન્ય પ્રાણી સપ્તાહ અન્વયે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ફોરેસ્ટ ઓફિસર શ્રી વાય.ડી. પરમારે વન્ય પ્રાણી સંરક્ષણ અંગે લોકજાગૃતિ કેળવવા કાયદાકીય માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે બખલીવાલા વિદ્યામંદિર અને શેઠ મોજીલાલ પ્રાથમિક શાળામાં ચિત્રસ્પર્ધા યોજી વિજેતોને ઈનામો આપવામાં આવ્યાં.

✤ શ્રી પી.વી. વિદ્યાલય અને જે.વી. દેસાઈ ઉચ્ચ પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે રાસ-ગરબા સ્પર્ધા યોજવામાં આવી. વિજેતાઓને દાતાઓના હસ્તે ઈનામો આપવામાં આવ્યાં.


✤ સહયોગ ભવનમાં ૧૦માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ઈફતિયાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મુસ્લીમ સભાસદોએ રોઝાનાં પારણાં કર્યા.

✤ ભારતીય સ્ટેટ બેન્ક, બાલાસિનોરના ઉપક્રમે લાયન્સ હોલ ખાતે આ શાખનો (બ્રાંચ) ગ્રાહક મિલન સમારોહ યોજવામાં આવ્યો. મેનેજર શ્રી રમેશભાઈ ઉનડકટે સૌને આવકાર આપતા બેંકની સગવડો તેમજ પ્રગતિનો ચિતાર રજુ કર્યો.


✤ આર્થિક મજબૂરી કું. એલિસાને જાદુનગરીમાં ખેંચી લાવી. ૧૮ વર્ષની યુવતિ કું. એલિસા મિલન ટોકીઝમાં જાદુના પ્રયોગોથી પ્રેક્ષકોનાં મન હરી લે છે.

***(ઈશારો, ઓક્ટો. - નવે. ના અંકોમાંથી સંકલિત મોકલ્યા તા. :૨૫.૧૧.૦૪)***

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત



# મેરેજ બ્યુરો



શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ છેલ્લા ૩૬ વર્ષોથી બાલાસિનોર દશાનીમા વણીક જ્ઞાતિ સાથે કૌટુંબીક રીતે સંકળાયેલું છે. આ સંસ્થા તરફથી લગ્ન બ્યુરો દ્વારા દરેક લગ્ન વાન્છુક કુટુંબોને હૃદયપૂર્વક સંપુર્ણ સાથ સહકાર સાથે મદદરૂપ થવા માગીએ છીએ તો દરેક ઉમેદવારોએ ફોર્મ ભરવા વિનંતી છે.

ફોર્મ નીચે જણાવેલ સભ્યો પાસેથી મળી શકશે. ફોર્મ મળ્યા પછી અમારો સંપુર્ણ સહકાર આપશું, આપની સાથે વિચારોની આપ લે કરી મુલાકાત પણ ગોઠવી આપીશું તથા જરૂર પડે જન્માક્ષર પણ મેળવી આપશું.

ખાસનોંધ : આ સાથે જણાવવાનું કે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ અખીલ ભારતીય દશાનીમા વણીક સમાજના સંપર્ક અને સહયોગમાં છે. બાલાસિનોર બહારના દશાનીમા વણીક જ્ઞાતિના ઉમેદવાર સાથે મુલાકાત ગોઠવી નક્કી કરી આપશું તથા તેના લગ્ન મેળાવળામાં પણ આપની ઉમેદવારી નોંધાવી આપશું.

આપના સહકારની અપેક્ષા

*નિમિષ મનહરલાલ કડકીઆ (મલમ) - સંયોજક*

## મેરેજ બ્યુરોની સમિતના નામ નિચે મુજબ છે

| | સભ્યોના નામ | ટેલી.નંબર (ઓફીસ) | ટેલી નંબર (ઘર) |
|---|---|---|---|
| ૧) | નિમિષ મનહરલાલ કડકિયા (મલમ) | ૨૩૪૪૪૫૫૫ | ૨૩૬૭૪૪૫૧ |
| ૨) | મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય) | ૨૩૪૨૩૫૩૪ | ૨૩૮૫૬૨૪૯ |
| ૩) | રજનીકાંત કાંતિલાલ કડકીયા (ધરીવાલા) | ૨૨૦૪૪૫૨૨ | ૨૩૬૭૯૫૮૭ |
| ૪) | રજનીકાંત કાંતિલાલ કડકિયા (લટકારી) | ૨૩૪૨૧૩૧૭ | ૨૫૧૬૦૭૭૧ |
| ૫) | દક્ષેશ બાબુલાલ કડકિયા (લટકારી) | ૨૩૪૩૯૯૫૮ | ૨૩૮૬૮૪૩૦ |
| ૬) | રાજેશ કીર્તનલાલ દેસાઈ (લાટવાલા) | ૨૨૦૬૯૧૯૬ | ૨૩૮૦૦૭૬૨ |
| ૭) | ઉર્વિશ રસિકલલા મોદી (દેવ) | ૨૮૫૦૫૮૧૪ | ૨૩૬૭૨૬૭૯ |
| ૮) | ગાંધી નિતિન પ્રવિણચંદ્ર | ૨૨૦૮૪૬૭૯ | ૨૬૨૦૨૪૩૪ |
| ૯) | પરેશ રસિકલાલ પરીખ (દુધવાલા) | ૨૩૪૨૪૦૯૬ | ૨૪૯૪૫૨૫૬ |
| ૧૦) | સુરેખાબેન શરદભાઈ કડકિયા (ટોકરશી) | ----- | ૨૩૬૭૭૯૪૯ |
| ૧૧) | દીપીકાબેન સુધીરભાઈ ગાંધી | ----- | ૨૪૩૦૯૯૮૩ |
| ૧૨) | નીનાબેન નીકુંજભાઈ કડકીયા (મલમ) | ----- | ૨૩૬૭૩૪૨૦ |
| ૧૩) | મુન્નીબેન પ્રકાશભાઈ ધારીયા | ----- | ૨૩૬૭૭૭૮૭ |

# વકીલ મિત્રોની મૈત્રીનો કોલ

૧. જે પણ કોઇ વ્યક્તિને કાયદાકીય સમસ્યા હોય તેઓએ નિખિલ પરીખ (ફોન : ઘર : ૨૩૮૨૨૫૧૦, ઓ : ૨૪૪૪૯૯૨૯ મો: ૯૮૨૧૩૨૬૪૩૨) નો સંપર્ક કરવો. સમસ્યા જે ક્ષેત્રમાં આવતી હશે એ ક્ષેત્રના વકીલોનો સંપર્ક કરીને મહિનામાં ફક્ત બે વખત મંડળની ઓફિસ અથવા નક્કી કરેલા કોઇ પણ સ્થળે મીટીંગ ગોઠવી આપવામાં આવશે આપની સમસ્યાની સીક્રસી રહે અને ખાનગી વાતની ચર્ચા બીજા કોઇના મોઢે ન થાય એની ખાસ તકેદારી લેવામાં આવશે કારણ કે આ બાબતમાં વિશ્વાસ અને ગોપનીયતા મોટી વસ્તુ હોય છે. મીટીંગ દરમિયાન પણ અન્ય કોઇ વ્યક્તિ હાજર રહેશે નહીં. એક બે અથવા જરૂર પડે તો વધુ વકીલો આપની સમસ્યાનું ચર્ચા દ્વારા નિરાકરણ લાવવા પ્રયત્ન કરશે.

૨. આ વ્યવસ્થામાં વકીલોની જવાબદારી ફક્ત સાચી સલાહ આપવાની તથા યોગ્ય માર્ગદર્શન આપવાની રહેશે. વધુ કાયદાકીય પગલાં માટે આપણા વકીલમિત્રો જવાબદાર રહેશે નહીં.

૩. પત્ર દ્વારા પણ આપ આપની સમસ્યાનો ઉકેલ મેળવી શકશો. સામાન્ય બાબતોના પ્રશ્નોનો ઉત્તર જ્યોતિપુંજ દ્વારા પ્રકાશીત કરવામાં આવશે જેથી બીજા આવી જ સમસ્યાવાળા લોકોને માર્ગદર્શન મળી રહે. આ ઉપરાંત બીજી કેટલીક સામાન્ય બાબતોની ચર્ચા પણ જ્યોતિપુંજ દ્વારા કરવામાં આવશે.

૪. સામાન્ય બાબતો જેવી કે વીલ બનાવવા શું કરવું ? નવી જગ્યા લેવી હોય તો ક્યા કાગળીયા કરવા કે ક્યાં રજીસ્ટ્રેશન કરાવવું જેવી બાબતોની ચર્ચા જ્યોતિપુંજમાં કર્યા પછી આપણી વેબસાઇટ ઉપર મુકવામાં આવશે જેથી ભવિષ્યમાં પણ એનો ઉપયોગ થઇ શકે.

૫. ચર્ચા, સમસ્યા અને નિરાકરણ બને તો અંગ્રેજી અને ગુજરાતી બન્નેમાં આપવામાં આવશે જેથી નવી પેઢી પણ એનો લાભ લઇ શકે.

૬. નાના, મોટાં, યુવાનો વૃધ્ધો, મહિલાઓ કોઇ પણ જાતના આર્થિક બેક ગ્રાઉન્ડ વગર પોતાની સમસ્યા માટે માર્ગદર્શન મેળવી શકશે. આ ઓછી આવક વાળા માટેની રાહત યોજના નથી. કારણ કે લાખો રૂપિયા ખર્ચીને પણ સાચી સલાહ, કોઇ પણ સ્વાર્થ વગર, મેળવી શકાતી નથી અને અહીં આપણા વકીલ મિત્રોની ભાવના મદદરૂપ થવાની, સાચી સેવા કરવાની છે. એટલે પૈસાદાર વર્ગ પણ સેવાનો લાભ લે એ આવકાર્ય છે.

૭. વકીલ મિત્રો પાસે અનેક પ્રકારના કેસો અનેક પ્રકારના લોકો આવતાં હોય છે. આપણે સાંભળી પણ નહોય એવી સમસ્યાઓનું નિરાકરણ તેઓએ કર્યુ હોય છે. માટે તેઓનો અનુભવ આપણને કાઉન્સેલીંગની દ્રષ્ટિએ પણ મદદરૂપ થશે. આપની સમસ્યાઓ માટે કાયદાકીય માર્ગદર્શન તો મળશે જ પણ એક કાઉન્સેલર તરીકે તેઓ એ પણ જોશે કે આપની સમસ્યાનું માનવીય દ્રષ્ટિએ સામાજિક દ્રષ્ટિએ સમજાવટથી સમાધાન થાય કોઇ સંબંધો કાયમ માટે તોડતાં પહેલાં સાચી દ્રષ્ટિએ એને મુલવીને એ સંબંધો સચવાઇ રહે એ દ્રષ્ટિએ આપણને આપણા વકીલ મિત્રો માર્ગદર્શન આપી શકશે.

૮. આપે કોર્ટમાં જવાનો નિર્ણય લઇ લીધો હોય છતાં પણ જેમ ઓપરેશન પહેલાં સેકન્ડ ઓપીનીયન લઇએ એમ આપણા મિત્રોની સલાહ લેવામાં શું વાંધો છે આ મિત્રો તમારું ખરાબ નહીં જ થવા દે અને તમને સાચો રસ્તો બતાડશે પછીનો નિર્ણય તમારો એકલાનો હશે.

વિવિધ સમસ્યાઓ જે આપણા સમાજને લાગેવળગે છે તે છે. ચોરી, હાથાપાઈ, અકસ્માત, વસીયતનામું (વીલ), લગ્ન, છુટાછેડા, પ્રોર્ટીના ઝગડા, નવી મિલકતની ખરીદી વેચાણ, સોસાયટીને લગતી સમસ્યા, રેન્ટ એક્ટ, ધંધાકીય, બેન્કને લગતી સમસ્યા, કામદારોની સમસ્યા, સ્ત્રીની થતી સતામણી વગેરે સમસ્યાઓને આપણે આવરી લેવા પ્રયત્ન કરીશું.

*- શ્રી બાલાસિનોર નવયુવક સંઘ વતી - નિખિલ પરીખ.*



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

શ્રીમતી ઉર્વશીબેન. શ્રી સુરેન્દ્રભાઈના પત્ની સુરેન્દ્રભાઈને કોણે ન ઓળખે? તેઓ નગીનભાઈના ભાણેજ, શ્રી રતિલાલ તેમજ શ્રીમતી તારાબેનના પુત્ર અને વધુ એક ઓળખાણ એટલે અતુલ કડકીયાના ખાસ મિત્ર "A Friend in need is a friend indeed" અને ઓળખાણએ પણ મોટી ખાણ અને આજે આ ઓળખાણનો લાભ મેં એટલે કે રત્ના કડકીઆએ મહિલામંડળને માણવાનો લ્હાવો અપાવ્યો. એકલો માણવાનો જ નહી તેમના તરફથી મળેલો સંયોગ એટલે પ્રમુખ પદે ઉર્વશીબેનને લ્હાવો આપ્યો અને રૂા. ૬૫,૦૦૦/- નું ચેરીટી ગીફ્ટના રૂપમાં આપ્યું. આજે ઘરની નારીને આગળ કરીને તેની કારકીર્દી ઓર ઝળકાવી.

તેમના હાથે બીજી ઘણી સંસ્થામાં મોટી રકમના દાન તથા નવયુવક સંઘને રૂા. સાત લાખનુ દાન આપનાર બહુ ઓછા વિરલા હોય છે અને એટલે જ બાલાસિનોરના આવા સપુતોને આપણું મસ્તક વંદી રહે છે. વળી ઉવર્શીબેને પણ તેમના કુટુંબીજનોને અને ઘરનાને આવા સંભાળી લીધા જેમ કે દૂધમાં સાકર. એજ તેમનો સાચો સ્વભાવ બતાવે છે. આ તો ગળથુંથીમાંથી મળેલાં સંસ્કારનો અમૂલખ વારસો કહેવાય. સાથે પ્રભાવશાળી વ્યક્તિત્વ એક આગવો છાપ ઉભી કરે છે અને આજે આ મહિલા મંડળ તેમનો ઘણો ઘણો આભાર માની ફરી ફરીને તેમને એક એવી નમ્ર અરજ કરે છે કે જ્યારે આવી કોઈ સંસ્થાને પ્રમુખપદે આપી શોભાયમાન કરવા તેઓશ્રી તથા ઉર્વશીબેન તત્પર રહેશે અને આગળ આવશે અને બાલાસિનોરના બીજા વતનીઓને પણ પ્રેરણાદાયી બનશે.

આજ રોજ ૧૭ નવેમ્બર સ્નેહસંમેલનનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન શ્રીમતી ઉર્વશી સુરેન્દ્ર પરીખ. જેમણે આ પ્રોગ્રામ સ્પોન્સર કર્યો હતો. જેના ૬૭૧ મેમ્બરર્સે પ્રોગ્રામ માણ્યો હતો. પ્રોગ્રામમાં આપવામાં આવેલી ગીફ્ટ તેમજ ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ ઉર્વશીબેન તરફથી હતો. પાટકર હોલ હાઉસફુલ થઈ ગયો હતો. સમય ૩ થી ૬ નો હતો. ગીફ્ટમાં થરમોસ આપવામાં આવેલા. નાસ્તામાં પાટકરના બટાટાવડા, વેફર્સ, સેન્ડવીચ અને કોલ્ડ્રીંકની બોટલ આપવામાં આવેલી હતી. 'આપકી ફરમાઈશ' પ્રોગ્રામ પણ ખુબ જ મજાનો હતો.

## જાન્યુઆરી મહિનાનો પ્રોગ્રામ

જાન્યુઆરી - તા. ૮ શનિવાર

સ્થળ - લાડની વાડી

સમય : ૩.૦૦ થી ૫

'સુવિધા'ના લેખિકા શ્રીમતી ઉષાબેન ધારિયા ડેમોનસ્ટ્રેશન આપશે તેમજ ચખાવશે. સ્ટાટર્સ શીખડાવવામાં આવશે. જે નોન-કેલરી તેમજ ઝટપટ બને તેવા માટે બહેનો ઝટપટ આવી જજો અને સાથે

*અનુસંધાન પાના નં. ૨૦*

# શ્રી બાલાસિનોર નવયુકવ સંઘ (ઉપનગવિભાગ)

આ વરસે બે પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. માથેરાન પિકનીક ઓવર નાઈટ સ્ટે. તા. ૨૫.૯.૦૪ અને તા. ૨૬.૯.૦૪ શનિ - રવિ આયોજન કર્યું હતું. હોટલ આનંદ રીસોર્ટમાં રહ્યા હતાં. લોકલ ટ્રેન અને ટેક્ષી મારફતે માથેરાન પહોચ્યા હતા. ફક્ત રૂા. ૫૦૦/- વ્યક્તિ દીઠ ચાર્જ રાખ્યો હતો. બહુ જ મજા આવી હતી. લોકોને હરવા ફરવાની સાથે સ્વીમીંગ તેમજ ડીસ્કો હોલમાં પ્રોગ્રામ રાખ્યો હતો.

બીજો પ્રોગ્રામ દાંડિયા રાસનો સેન્ટ ફ્રાન્સિસ હાઈસ્કુલ, બોરીવલી તા. ૭.૧૧.૦૪ રવિવારે સાજે ૫.૩૦ કલાકે રાખ્યો હતો. જેના મુખ્ય મહેમાન શ્રી અશોકભાઈ કાંતીલાલ પરીખ (તાતીયા) હતા. રાત્રે ૧૦ વાગ્યા સુધી પ્રોગ્રામ ચાલ્યો હતો. ઓરકેસ્ટ્રાના સથવારે દાંડિયા તેમજ ગરબા રમવાની મજા પડી હતી. રમનાર દરેક વ્યક્તિને ઉંમર પ્રમાણે બેચ અલગ અલગ કલરના આપી રમાડયા હતા. બે જજ બહારથી બોલાવ્યા હતા. સ્નેહલબેન મહેતા અને વિમળાબેન મહેતા વેલ પ્લેયર તથા બેસ્ટ ડ્રેસીસને ઈનામો આપ્યા હતા. સાથે શ્રીમતી મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષકનું અને ઈનામોનું મુખ્ય મહેમાન તેમજ પ્રમુખ સાહેબના હસ્તે વિતરણ કર્યું હતું. મુખ્ય મહેમાન તરફથી રૂા.૨૧૦૦૦/-નું માતબર દાન મળ્યું હતું તથા ઈનામ માટે રૂા.૫૦૦૦/- આપ્યા હતા. સંસ્થા વતી તેમનો આભાર. મુખ્ય મહેમાનનું શાલ અને મોમેન્ટો આપી પ્રમુખ અને મંત્રીએ બહુમાન કર્યું હતું. તેમના ધર્મપત્ની અને પુત્ર નીરવનું ફુલના બુકે આપી સંયોજક હેમેન્દ્ર શાહે સન્માન કર્યું હતું. આ સાથે પ્રેસીસન પ્લાસ્ટીક ગ્રુપ તરફથી મેન ગેટની એડવરટાઈઝ મળી હતી. પ્રથમ ૫૦૦ વ્યક્તિ આવનારને ફ્રી કોલ્ડ્રીંકની કુપન આપી હતી. નાસ્તા પાણીની ત્યાં સારી સગવડ રાખી હતી. શ્રી અરૂણભાઈ શાંતીલાલ શાહ તરફથી રૂા. ૧૫૦૦/-નું ડોનેશન મળ્યું હતું. આ પ્રોગ્રામમાં દરેક કાર્યકર્તાઓનો પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે મદદ કરનાર દરેકના આભારી છીએ.

*સંયોજક - હેમેન્દ્ર શાહ*
*મંત્રી - પ્રદીપ કડકીઆ*

**પારિતોષક વિજેતાની યાદી**

| | |
|---|---|
| **પ્રથમ ધોરણ** | |
| પરીખ ધરીત ઉમેશ | ૯૮.૩ |
| દેસાઈ વિભૂતી જયેશ | ૯૭.૩૩ |
| ત્રિવેદી ધ્વનીલ હિતેન | ૯૬ |
| **દ્વિતીય ધોરણ** | |
| પરીખ શ્રેયલ શ્રેયાનસ | ૯૭.૩ |
| મોદી ધ્રુવી સંદીપ | ૯૭ |
| કડકિયા અક્ષય હેમંત | ૯૬.૮ |
| **ધોરણ ત્રીજું** | |
| પરીખ મીલોની રાકેશ | ૯૮ |
| ભટ્ટ મલય વિપુલ | ૯૭ |
| મોદી જશ દિનેશ | ૯૪.૩૩ |
| **ચોથુ ધોરણ** | |
| દોશી ધવલ નિશીથ | ૯૬ |
| શેઠ યશ સંજય | ૮૮.૬૬ |
| શાહ કૃતી નિલેશ | ૮૮.૩૩ |
| **પાંચમું ધોરણ** | |
| ત્રિવેદી મિલીંદ અમીત | ૯૧.૬૬ |
| પરીખ અવિશ | ૮૬ |
| પરીખ રુચી હિતેશ | ૮૨ |
| **છઠ્ઠુ ધોરણ** | |
| મોદી મીતાલી આર. | ૬૬.૩૩ |
| દોશી કુશલ કમલેશ | ૬૫.૬૭ |

| | |
|---|---|
| ધારીયા શિવાની | ૬૨ |
| **સાતમું ધોરણ** | |
| કડકીયા ખુશ્બુ નિલેશ | ૯૦.૩૩ |
| શાહ અદિતી | ૮૮.૩૩ |
| શાહ પ્રકૃતિ નિલેશ | ૮૭ |
| **આઠમું ધોરણ** | |
| કડકિયા મીત અતુલ | ૯૧.૩૩ |
| શાહ ઉર્મી એસ. | ૮૪ |
| પરીખ પલ્લવ જે. | ૭૮.૩૩ |
| **નવમું ધોરણ** | |
| મહેતા અપેક્ષા મયંક | ૮૬.૫ |
| દેસાઈ હરીશ હિમાંશુ | ૮૦.૫ |
| રેનાવાલા હર્ષિલ | ૭૩.૧ |

**દાંડીયા રાસના બેસ્ટ પ્લેયરના નામની યાદી**

**દસ વર્ષની નીચેના**

નિકેશ આર. શાહ, આયુષ પરીખ, મીનોલી પરીખ, ચાર્મી એચ. કડકિયા

**૧૧ થી ૨૦ વર્ષ સુધી**

અક્ષીત પરીખ, વિરાજ પરીખ, પલક અભય શાહ, મુક્તી નિલેશ શાહ

**૨૧ થી ૩૦ વર્ષ સુધી**

હેમલ પી. દેસાઈ, દિપેન કડકિયા, તન્વી અભય શાહ, અમી નિરવ પરીખ

**૩૧ વર્ષથી ઉપરના**

રાકેશ શાહ, નિલેશ પરીખ, રાગીની એ. શાહ, રશ્મિ ગીરીશ પરીખ

**બેસ્ટ ડ્રેસીસ માટે**

કેનીલ મોદી, નુપુર બી. શાહ, કુનાલ એચ. પરીખ, શ્રદ્ધા પરીખ, પરાગ પરીખ, હેતા પી.મોદી, ધર્મેશ જે. શાહ, વૈશાલી એચ. મોદી, અશોક એન. શાહ, મધુબેન એચ. ભટ્ટ

*અનુસંધાન પાના નં. ૧૮ થી ક્રમશઃ*

કોમ્પીટીશન રાખવામાં આવી છે. 'મેથીની ભાજી' માંથી બનતી વાનગી. ભાગ લેનાર બહેનો રત્ના બહેનને ફોન કરીને રૂા. ૨૦/- ભરીને નામ લખાવી શકે છે અથવા કોઈપણ કમીટીની બહેનોને નામ લખાવી દે. - ૨૩૬૯૨૦૪૨ - ૯૮૨૦૧૬૯૯૮૮

બીજું ફેબ્રુઆરીમાં શાંતિસાગર પીકનીક લઈ જવામાં આવશે. પહેલા વીકમાં જ રાખવામાં આવશે.

તા. ૩ ફેબ્રુઆરી, શુક્રવાર

સમય : સવારે ૭.૩૦

સ્થળ : શાંતિસાગર રીસોર્ટ

શાંતિસાગર રીસોર્ટમાં સવારે ચા, કોફી, નાસ્તાથી માંડીને બપોરે લંચ અને રાત્રીના ડીનર સાથે રૂા. ૨૫૦/- ઈન્કલુડ બસ સાથે એક જણના ભરવાના રહેશે. માટે જેણે પણ નામ લખાવવાની ઈચ્છા હોય તેઓ ડીસેમ્બરના આખર પહેલા નામ લખાવી દે. કોઈપણ કમીટીની બહેનોને પણ લખાવી શકે છે. એટલે અમોને બુકીંગ કરાવવાની ખબર પડે. તમારા સાથ અને સહકારની આશા રાખું છું.

***સંયોજક - રત્ના કડકીયા***

✣ ✣ ✣

# શ્રી રજનીકાંત કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત ૫૩મો વાર્ષિક રસોત્સવ

રવિવારના તા. ૧૪મી નવેમ્બરના રવિવારે સવારે ૯.૦૦ કલાકે સૌ બાલાસિનોરવાસીઓ બિરલા માતુશ્રી સભાગૃહમાં નવા વર્ષના અભિનંદન આપવા ભેગા થયા હતાં. આ પ્રસંગે સૌ પ્રથમ મુખ્ય મહેમાન શ્રીમતી સુધાબેન શરદચંદ્ર મહેતા ઉપસ્થિત હતાં તેઓના પરિચય આપતાં શ્રી પ્રફુલભાઈ ધારીઆએ જણાવ્યું હતું કે, પિતા ચીમનલાલ મોદી આધ્યાત્મિક જીવ. શ્વસુર રમણલાલ મહેતા બાહોશ સામાજીક કાર્યકર, પતિ ડૉ. શરદ મહેતા નખશીખ કર્મયોગી આ ત્રણેના ગુણોને વારસો શોભાવ્યો. શરદભાઈ લંડનમાં પી.એચ.ડી. થયા બાદ નોકરી માટે અમેરીકાથી આમંત્રણ મળ્યુ. પરંતુ સ્વદેશ પ્રેમ અને માતાપિતાની લાગણીને માન આપી સ્વદેશ પાછા ફર્યા. દંપતિને સંતાનમાં એક પુત્રી અને નાનપણથી જ સમસ્યાનો સક્ષમ સામનો કરી શકે એવો ઉછેર.

સુધાબેનનો પરિચય થોડા શબ્દોમાં આપીએ તો આકર્ષક વ્યક્તિત્વ, બહુમુખી પ્રતિભા, પ્રવાસનો અનહદ શોખ વિવિધ પ્રવૃત્તિઓમાં રૂચી, સદાય સ્મિત પહેરીને ફરે, દુ:ખીયાના મદદગાર, મીતભાષી મેહફીલમાં ખીલી ઉઠે. પતિના અવસાન પછી બાકી જીવનના વર્ષો પસાર કરવાના બદલે બાકી વર્ષોમાં જીવન ભરી દીધું. પતિના સર્વે સંબંધોને જાળવ્યા અને દ્રઢ બનાવ્યા. સુંદર આયોજન કરવાની હોંશ અને આવડત ભૂતકાળને મમળાવે, ભવિષ્યનું આયોજન કરે પરંતુ સતત વર્તમાનમાં જીવી લેવાની હોંશ સલાહ, સુચન આવકારે પરંતુ, નિર્ણય પોતાનો આગવો. જરૂરીયાતમંદને સલાહ સુચન સાથે સહકાર પણ પ્રદાન કરે.

અનુકુળતા તથા પ્રતિકુળતામાં સમત્વ જાળવવાની આગવી સુઝ, વિખવાદ અને વિવાદથી દૂર રહીને હંમેશ સંવાદના પક્ષકાર થાય.

આ આપણા આજના સમારંભના પ્રમુખ શ્રીમતી સુધા મહેતા.

સુધાબેનનું શાલ દ્વારા તથા મોમેન્ટો દ્વારા અભિવાદન મંત્રી પ્રદીપભાઈ તથા પ્રમુખ અસીતભાઈ એ કર્યું હતું. સંયોજક જીતેન્દ્ર પારેખ દ્વારા સુધાબેનના પુત્રી શ્રુતિબેન તથા જમાઈ સચીવભાઈનુંસન્માન બુકેથી કરવામાં આવ્યું. સુધાબેન દ્વારા આ પ્રસંગે રૂા. ૫૧,૦૦૦નું માતબર દાન સંસ્થાને મળ્યું હતું.

સુધાબેને પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે નવયુવક સંઘે પહેલી વખત મહિલા પ્રમુખ બનાવી છે ને ભવિષ્યમાં પણ મહિલાઓને અવરનવર મોકો આપશે.

આજે આ મંચ પરથી કંઈક કહેવાનો મોકો મળ્યો છે એને હું મારું અહોભાગ્ય સમજું છું આજે સ્ત્રી તરીકે ફક્ત મારું સન્માન નથી પરંતુ આપણી જ્ઞાતીની દરેક બહેનોનું બહુમાન છે. હું આજે એનું પ્રતિનિધિત્વ કરું છું.

પ્રાચીન કાળથી ભારતીય નારી દરેક ક્ષેત્રે મોખરે રહી ચૂકી છે અને દરકે યુગમાં એણે એની તેજસ્વીતાનો પરચો આપ્યો છે. એટલે જ તો આપણી પરંપરાએ એને શક્તિનું પ્રતીક ગણી 'નારી તું નારાયણી' કહી છે. આ પરંપરાને આપણે બહેનોએ આગળ વધારવાની છે. આજ આપણો ઘણો સમય કીટીપાર્ટી, શોપીંગ ને ગોપીસમાં વીતાવીએ છીએ તો આ બધામાંથી થોડો સમય ફાળવીને કંઈક એવું કાર્ય કરીએ કે જેનાથી બીજા મનુષ્યોના જીવનની એકાદ ક્ષણ સુંદર બનાવી શકીએ. You only get one chance to turn a moment into a memory of life time આવી એકાદ ક્ષણને ઝડપી લઈને અને કંઈક સારુ કર્યાનો આત્મસંતોષ મેળવીએ.

વૃધ્ધાશ્રમોમાં તરછોડાયેલા વડીલોને મળીને એમની સાથે વાતો કરીને એમને અનુભુતિ કરાવી શકીએ કે તેઓ આજે પણ એટલા જ સન્માનનીય આદરણીય ને પૂજનીય છે. પૈસાના અભાવે અક્ષર જ્ઞાનથી વંચિત રહી ગયેલા બાળમજૂરોને કોઈપણ પ્રકારે ભણવા માટે પ્રોત્સાહિત કરીને એમને ભણતરના માર્ગે વાળી શકીએ. ઘણી સરકારી હોસ્પિટલોમાં ગામડા ગામથી રોજ કેટલાંયે મા-બાપ આવે છે જે પોતાના માંદા બાળકોને પલપલ રીબાતાં જુએ છે એમને થોડો મોરલ સપોર્ટ થોડી લાગણી આપીને પોતીકાપણાની, મમત્વની અનૂભૂતિ કરાવીએ એમની થોડી ઘણી જરૂરિયાત પૂરી કરવામાં મદદ કરી શકીએ. આવા તો અનેક કાર્યો આપણી રાહ જોતા ઉભા છે. આમાંથી એકાદ કાર્યને પણ શ્રદ્ધાપૂર્વક ઉપાડી લઈએ તો કંઈક કર્યાનો આત્મસંતોષ લઈ શકીએ.

આપણો બાલાસિનોર સમાજ દાનની ગંગા વહાવતો વખણાયેલો સમાજ છે. ઘણા સારા કાર્યો કરે છે. પછડાયેલાને ઉભા કરે છે, જરૂરતમંદોને મદદ કરે છે તો બહેનો આપણે એમાં સાથ સહકાર આપીએ અને આવા માનવતાભર્યા કાર્યો ઉપાડી લઈએ. Charity begins at home એ મારા પતિનો પ્રિન્સીપલ છે અને તેનું હું આચરણ કરું છું.

## અભિનંદન

**શ્રી કિરણ બીપીનચંદ્ર ઝવેરી** (અમદાવાદ) સેલ્સટેક્ષ ખાતું ગુજરાત રાજ્યમાં આસીસ્ટન્ટ કમિશનર ઓફ સેલ્સટેક્ષ તરીકે બઢતી પામેલ છે. અગાઉ તેઓ સેલ્સ ટેક્ષ ઓફીસર તરીકે સુરેન્દ્રનગર, ગોધરા, મહેસાણા અને અમદાવાદમાં વિવિધિ વિભાગોમાં સફળ કામગીરી કરી ચૂક્યા છે. તેઓ સૌથી નાની ઉંમરના આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ સેલ્સટેક્ષ તરીકે કાર્યરત છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

# બાલાસિનોર વિદ્યામંડળ

**આભાર, સંગિતા કિરણ દોશી ચેરીટેબલ ટ્રસ્ટ**

ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા અનુસ્નાતક, વાણિજ્ય વિભાગ માટે રૂા. અઢી લાખનું દાન મળ્યું છે. વાણિજ્યમાં અનુસ્નાતક કક્ષાએ સફળ થનાર આપણી કોલેજના વિદ્યાર્થીઓનું યુનીર્વસિટિનું પ્રમાણપત્ર તેમના નામ અને સંદેશા સહિત ખાસ તૈયાર કરેલ ડોકેટમાં અપાશે.

**અભિનંદન - અંકુર નીતિનભાઈ શાહ**

બાલાસિનોરની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એમ.સી.સી. કેડેટ ભાઈ અંકરુ શાહે અમદાવાદથી શિયાચીન ગ્લેશીયર (૬૦૦૦ કિ.મી.)ની સાહસયાત્રા ૧૯ દિવસમાં સફળતાપૂર્વક પૂર્ણ કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. ભાઈ અંકુરને અભિનંદન અને શુભેચ્છા.

આ યાત્રા એન.સી.સી.ના ગુજરાત ડિરેકટોરેટે પહેલી જ વાર યોજી હતી. ૨૮ ગુજરાત બટાલિયન એન.સી.સી.ના કમાન્ડિંગ ઓફિસર લેફ. કર્નલ એન.બી.પ્રધાન અને સુબેદાર મેજર ફકીરચંદના માર્ગદર્શન હેઠળ ભાઈ અંકરુની પંસદગી થઈ હતી.

*- સી.સી.દેસાઈ*
*મંત્રી - વિદ્યામંડળ*

નવયુવક સંઘની ક્રિકેટ ટીમ તા. ૫.૧.૨૦૦૫ બુધવારના દિવસે મુંબઈથી નીકળી તા. ૬,૭,૮,૯ - ૨૦૦૫ દરમ્યાન બાલાસિનોરની સ્થામિક ટીમો સામે કુલ્લે ૪ મેચો બાલાસિનોરમાં રમશે. આપણાં ક્રિકેટરોને પ્રોત્સાહિ કરવા જેમણે આવવું હોય તો નવયુવક સંઘના ક્રિકેટ સેક્રેટરી મિતેષ એમ. ધારિયાને તેમના મોબાઈલ ફોન નંબર ૯૮૨૧૦૪૦૯૦૮ ઉપર સંપર્ક કરે.

*ક્રિકેટ સેક્રેટરી - મિતેષ ધારીઆ*

# ૫૩મો વાર્ષિક રસોત્સવ
## હાસ્ય- કરુણની બે ધારાઓ વચ્ચે વહેતું નાટક
## લાલી-લીલા

૫૩માં વાર્ષિક રસોત્સવ પ્રસંગે રજૂ થયેલું નાટક 'લાલી-લીલા' પ્રેક્ષણીય બની રહ્યું. કથાવસ્તુની ગૂંથણી સીયામી જોડિયા બહેનોના સમાચારના આધારે કહેવામાં આવી છે. આમ જુઓ તો આ કૈં ઘટનાપ્રધાન નાટક નથી, પરંતુ કથાના પાતળા દોરની માવજત, સબળ પટકથા અને બે કલાકાર બહેનો-દિશા વાકાણી (લાલી) તેમજ મોસમ (લીલા)નો ઉત્કૃષ્ટ અભિનય, સંવેદનશીલ રજૂઆત અને વિપુલ મહેતાના સક્ષમ દિગ્દર્શનના કારણે કથા બીજના પાતળા પોત છતાં બે અંકોના સાત-આઠ દૃશ્યો સુધી પ્રેક્ષકોને જકડી રાખવામાં આ નાટક સફળ રહ્યું છે.

હાસ્ય અને કરૂણ બે ધારાઓ વચ્ચે વહેતું નાટક પ્રેક્ષણીય બની રહ્યું. બે મુખ્ય પાત્રોને અન્ય પાત્રોનો સથવારો સાંપડયો છે કરૂણમાંથી નિષ્પન્ન થતું હાસ્ય પ્રેક્ષકોને મનોરંજન પૂરું પાડવા સાથે આપણી સંવેદનાને સંકોરી જાય છે. કેટલાક પ્રસંગો-ઘટનાઓ આંખને ભીંજવી જાય છે. જેમાં ઓપરેશન દ્વારા બન્ને બહેનોને જુદી કરવા માટેની કશ્મકશ કે મનોમંથન, છીંકનું દૃશ્ય, લાલીને અમેરિકા જવા સાંપડતી તક કે લીલાના લગ્ન અંગેની મથામણમાં હાસ્ય-કરૂણ રસ એવા સમાંતરે ચાલે છે કે પ્રેક્ષકોને એક સરસ નાટક જોવાની અનુભૂતિ થાય છે.

નાટકના પ્રારંભે બંન્ને બહેનોનો પ્રેમાળ ભાઈ પોતાના પ્રેમ અને સાંસારિક જીવન માટે બંન્નેને છોડી ચાલ્યો જાય છે. ત્યારે અને નાટકના અંતે ઓપરેશ બાદ લકવાગ્રસ્ત- અપંગ થઈ જતી લાલીની ઘટના કરૂણની પરાકાષ્ટા સર્જે છે.

આવું સ્વચ્છ, સુંદર અને અભિનયના ઓજસ પાથરતું નાટક જોઈ મન તૃપ્ત થઈ ગયું. સારા નાટકની સમયોચિત પસંદગી માટે સંઘના કાર્યકરોને સુંદર અભિનય, દિગ્દર્શન, મંચ સજ્જ, પ્રકાશ આયોજન વગેરે માટે કલાકાર - કસબીઓને અભિનંદન.

રસોત્સવ પ્રસંગે એક વિચાર મનમાં ઉગ્યો તે અત્રે રજૂ કરું છું. રંગભવનની દર્શકો સમાવવાની ક્ષમતાની અપેક્ષાએ છેક દક્ષિણ મુંબઈમાં આવેલું બિરલા ઉણુ ઉતરે છે. રસોત્સવમાં રજૂ થતાં નાટક-કાર્યક્રમને દક્ષિણ મુંબઈ સાથે ઉત્તર મુંબઈ (પરાંમા) રજૂ ન કરી શકાય? આ માટે આપણે બે દિવસ શની-રવિ કે અન્ય રજાનો દિવસ નક્કી ના કરી શકીએ? આવું થાય તો ઉપનગરવાસીઓને ઘરઆંગણે સંઘની આ મુખ્ય પ્રવૃત્તિનો લાભ મળી શકે. આજે આપણી વસ્તી દૂરના પરાંઓમાં ખાસ કરી પશ્ચિમના પરાંઓમાં વધારે છે. આપણે આ સૌને ન્યાય આપી શકીએ. આવો એક અખતરો કરવા જેવો ખરો. યોગ્ય પ્રતિસાદ સાંપડે તો એ ચાલુ રાખી શકાય.

બીજી વાત તે મહિલા પ્રવૃત્તિના કાર્યક્રમોની. વસ્તીની ટકાવારીની દૃષ્ટિએ વર્ષ દરમ્યાન બે-ત્રણ પ્રવૃત્તિ ઉપનગરને ફાળવવામાં આવે તો આવકાર્ય બની રહેશે.

રસોત્સવની ટિકિટો માટેનું આયોજન પણ લોકોની-સભ્યોની સગવડતા સાચવી શકાય એ રીતે થવું જોઈએ. કેવળ રવિવારે સવારે દસ વાગે પ્રગતિ સમાજની ઓફિસમાંથી જ આવી મહત્વની પ્રવૃત્તિ માટે ટિકિટોનું વિતરણ કરવામાં આવે એમાં ઉપનગરવાસી સભ્યોનો તો એકડો જ બાદ થઈ જાય છે! આ માટે રસોત્સવની પ્રવૃત્તિ બંન્ને જગાએ થાય એ ખૂબ જરૂરી છે.

આશા છે મારા આ અંગત મંતવ્ય પર સંઘના કાર્યકરો વિચાર કરી યોગ્ય નિર્ણય લેશે.

✤ ✤ ✤

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ ૮૦મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

ઉપયુક્ત મંડળના સભાસદોની ૮૦મી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર તા. ૨૪.૯.૨૦૦૪ના દિવસે સાંજના ૬.૩૦૦ કલાકે મંડળના પ્રમુખશ્રી પ્રવિણચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી)ના પ્રમુખસ્થાને શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસ મુંબઈ -૨ ખાતે મળી હતી.

શરૂઆતમાં ૭૯મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન બાદ માર્ચ/એપ્રિલ/મે ૨૦૦૪ દરમ્યાન લેવાયેલ પરીક્ષાઓના આધારે મંડળ પાસે આવેલ વિવિધ શાખાઓમાં મેળવેલી સફળતાની અરજી દ્વારા પ્રમુખશ્રીના વરદ હસ્તે વિદ્યાર્થી મિત્રોને પારિતોષિકની વહેંચણી કરવામાં આવી હતી. આ અંગે કુલ રૂા. ૩૩૪૫૦/- ફાળવવામાં આવ્યાં હતાં.

તા. ૩૧.૩.૨૦૦૪ના રોજ પૂરા થયેલા હિસાબી વર્ષ દરમ્યાન મુંબઈ તેમજ મુંબઈ બહાર વસવાટ કરતા દશાનીમા વણિક જ્ઞાતિના વિદ્યાર્થી મિત્રોને શૈક્ષણિક સહાય પેટે રૂા. ૩૩૧,૧૭૨/-(ગયા વર્ષે રૂા. ૩૧૫,૬૯૭) ની રકમ ફાળવવામાં આવી હતી. આ સિવાય મંડળ હસ્તક જે ટ્રસ્ટોનો વહીવટ ચાલે છે તે દ્વારા રૂા. ૨૮૬,૩૩૫/- (રૂા.૨૩૩,૯૯૯)ની શૈક્ષણિક સહાય કરવામાં આવી હતી. આમ તા. ૩૧.૩.૨૦૦૪ના રોજ પૂરા થયેલ વર્ષ દરમ્યાન કુલ રૂા. ૬૧૭,૫૦૭/- (રૂા. ૫૪૯,૬૯૬)ની શૈક્ષણિક સહાય કરવામાં આવી હતી.

તા. ૩૧.૩.૨૦૦૪ના રોજ મંડળનું કુલ ભંડોળ રૂા. ૪૯,૫૫,૩૭૩/-) ગયા વર્ષે રૂા. ૪૧,૭૬,૭૧૫/-) તેમજ મંડળ હસ્તક ચાલતા અન્ય ટ્રસ્ટોનું ભંડોળ રૂા. ૪૪,૪૫,૧૯૭/- (ગયા વર્ષે રૂા. ૪૧,૨૬,૬૯૫/-) થવા જાય છે.

હિસાબી વર્ષ દરમ્યાન સખાવતી દાતાઓ તરફથી મડંળને ન્યાસફંડ/દાન, શૈક્ષણિક સહાય તેમજ પારિતોષિક યોજના અંગે કુલ રૂા. ૮,૮૦,૧૨૫/-ની રકમ મળી હતી.

બાલાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિનો કોઈપણ વિદ્યાર્થી કે વિદ્યાર્થીની નાણાં અભાવે વિદ્યારૂપી ધન મેળવવાથી વિંચતિ રહી ન જાય એ ઉદ્દેશ/ભાવનાથી આ મંડળની સ્થાપના કરાવનાર સ્વ. સાંકરલાલ છોટાલાલ ગાંધી (કલકત્તાવાળા)ના સુપુત્ર ડૉ. હરેન્દ્ર ગાંધી- જેઓની અમેરિકાના પ્રમુખ શ્રી જયોર્જ બુશના વરદ હસ્તે નેશનલ ઓવોર્ડ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજીનો એવોર્ડ પ્રાપ્ત થયેલ તેનું બહુમાન કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલ.

હાલ મંડળના આજીવન સભ્ય ૫૮૧ તેમજ દાતા સભ્ય ૨૯૩ છે. વધુમાં વધુ જ્ઞાતિજનો મંડળને આર્થિક ક્ષેત્રે વધુ પગભર બનાવવા સભ્ય બને એવી વિનંતી મંત્રી સ્થાનેથી કરવામાં આવી હતી.

દિન પ્રતિદિન વધતી જતી શૈક્ષણિક માંગણીને પહોંચી વળવા વાર્ષિક રૂા. ૫,૦૦૦/- અને રૂા. ૨,૫૦૦૦/- ના યુનિટ સ્વીકારવા એમ આ સભા દરમ્યાન નક્કી કરવામાં આવ્યું હતું.

અંતમાં પ્રમુખશ્રીનો આભાર માની આજની આ સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવ્યું હતું.

***-અસીત રમેશચંદ્ર દેસાઈ***

***- કિરીટ રમણલાલ કડકીઆ (મલમ) - માનદ્ મંત્રી***ઓ

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) નિલેશ રમેશચંદ્ર કડકીઆ (બેરા)
૧૦૨, લતા પેલેસ, કલ્બ એકવેરીયા સર્કની પાસે,
ઓફ દેવીદાસ લેન, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૯૨
ફોન : ૨૮૯૧૩૧૩૯, મો. નિલેશ - ૯૮૨૦૦૯૩૯૦૦
અર્ચના - ૯૮૧૯૮૯૩૯૦૦

૨) ભરતભાઈ મોહનલાલ ત્રિવેદી - રંજનબેન ત્રિવેદી
ફ્લેટ નં. ૯૦૩, ૯મે માળે, ૧૦૧ વીનર્સ ટાવર્સ,
Y.W.C.A. ની બાજુમાં, જે.પી.રોડ, અંધેરી (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૫૮. ફોન :૩૦૯૭૨૧૪૨

૩) ધર્મેશ જયેન્દ્ર શાહ
અંજના કો.ઓ.હા.સો.લી., બ્લિડીંગ નં.-૩, ફ્લેટ નં.-૪૦૧,
સિમ્ફોલી રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ- ૪૦૦ ૦૯૨
ફોન : ૫૫૭૧૪૮૫૫

૪) દોશી મૃદુલા મહેન્દ્ર - દોશી મહેન્દ્ર પુનમચંદ
યોગમિલન, ૧લે માળે, ફ્લેટ નં.-૧૦૨,
૫, ફોરજેટ હીલ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૩૬
ફોન : ૯૮૧૯૨૧૦૯૬૫

૫) પ્રતિક ચંદ્રકાન્ત દેસાઈ
બી/૩૦, ગણેશ પ્રસાદ, સ્લેટર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭

૫) ભરત જયંતિલાલ કડકીઆ
બી-૩૦૩, બ્લોસમ કો.ઓ.હા.સો.લી., દહાણુકરવાડી,
મહાવીર નગર, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭
ફોન : ૫૬૨૬૩૫૭૭, મો. - ૯૮૧૯૬૦૩૩૧૬

૬) નિલેશ રમેશચંદ્ર કડકીઆ (બેરા)
નીઓટેક ઈન્ફોકોમ, ઓફિસ નં.- ૯, ૧લે માળે,
શાહવીરી બિલ્ડીંગ, ૩૭/૪૧ આર.એસ.સપ્રે માર્ગ,
રાઉન્ડ બિલ્ડીંગ પાસે, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન : ૫૬૩૩૮૪૮૯ / ૨૨૦૧૬૦૦૧

૭) હરીશ ચીમનલાલ પરીખ (ભગત)
૨૨મે માળે, ૨૨૬ એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ,
ફોરજેટ હીલ રોડ, ભાટીયા હોસ્પિટલની સામે,
તારદેવ, મુંબઈ - ૪૦૦૦૩૬. ફોન : ૨૩૫૨૨૬૮૬
મો.: ૯૩૨૩૪૩૫૧૫૨/૯૮૨૧૦૧૧૯૬૯

૮) Deepak Mehta
104, N. Staffire Drive, Schaumbarg,
ILLINOIS 60194 - 38 26

૯) સુરેખાબેન કીરીટ કડકીઆ (બાટલા)
૪૨, દીપક બિલ્ડીંગ રોડ, કાસલ કો.ઓ.સો.લી.,
૮ ગોપાલરાવ દેખમુખ માર્ગ, પેડલ રોડ, મુંબઈ - ૨૬

## અભિનંદન

શ્રી જીતેન્દ્ર પ્રવિણચંદ્ર પારેખ. મફતલાલ ચોપાટીમાં કારોબારીમાં બનીહરીફ ચુંટાઈ આવ્યા છે. સંસ્થા તરફથી અભિનંદન.

## નવા ફોન નંબર

| | |
|---|---|
| અરુણ નટવરલાલ દેસાઈ (સુરત) | ૯૮૨૪૭૫૦૧૫૦ |
| સોમિલ અરુણ દેસાઈ (સુરત) | ૯૮૨૫૯૫૦૮૦૬ |
| જીતેન્દ્ર ઓચ્છલાલ ધારીઆ | ૫૬૨૧૫૯૧૩ |
| ગૌરાંગ જીતેન્દ્ર ધારીઆ | ૯૮૨૦૭૧૧૯૨૫ |

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| કીરીટકુમાર મણીલાલ મોદી (ચેપ) | ૬૫ |
| છાયાબેન નીતીનકુમાર પરીખ | ૫૨ |
| પુષ્પાબેન પ્રવીણચંદ્ર ગાંધી | ૭૨ |
| દેસાઈ શીરીશ કોદરલાલ | |

પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર:શાંતિ અર્પે.

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**

શ્રી ગોકુલેશો જયતિ

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

# આમંત્રણ પત્રિકા

તા.૨૨.૧૧.૨૦૦૪

સ્નેહીસ્વજનો,

## રૂડો અવસર આયો રે :

શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજના નેજા હેઠળ સંવત ૨૦૬૧ના માગસર સુદ ૭ ને શનીવાર તા. ૧૮.૧૨.૨૦૦૪ના દિવસે શ્રી **'મહાઓચ્છવ'** ધૂમધૂમથી ઉજવવામાં આવશે.

**આ મહાઓચ્છવના મનોરથી શ્રીયુત રસીકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) તથા અ.સૌ. કુસુમબેન રસીકલાલ પરીખ છે.**

## ઉત્સવનું સ્થળ

**શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી - ઠાકોરદ્વારા, મુંબઈ - ૨**

તેજ દિવસે બપોરે ૨.૩૦ કલાકે મનોરથીના નિવાસસ્થાન ૭૦૪, શિરિન એપાર્ટમેન્ટ, તારદેવ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૭ સમાજ બેસસે. સાંજે ૫.૩૦ કલાકે સત્સંગ મંડળની રૂમ અમૃતવાડી, વી.પી.રોડ, મુંબઈથી કળશનો વરઘોડો નીકળી હાલાઈ લોહાણા મહાજનવાડીમાં જશે. ત્યાં ઠાકોરજીનાં ધોળ-કીર્તન થશે અને મનોરથીનું તેમજ તેમના સ્વજનોનું સન્માન થશે.

## શ્રી મહાઓચ્છવનો મનોરથ

તેજ દિવસે સમાજ તરફથી સાંજે ૭.૦૦ કલાકે બાલાસિનોરના સમસ્ત દશાનિમા વૈષ્ણાનો સહકુટુંબ, સપરિવાર પ્રસાદ લેવાનું અમારું ભાવભર્યું આમંત્રણ છે.

આ અવસરનું મુંબઈમાં પ્રમથ વખત જ આયોજન કરવામાં આવ્યું છે. તો બાલાસિનોરના સમસ્ત દશા નિમા વૈષ્ણાવોને (ગમે ત્યાં રહેતા હોય) સહકુટુંબ પ્રસાદ લેવા જરૂર પધારે એટલી આશા.

*લી. રસીકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) - મનોરથી*

*નવનીતલાલ ઓચ્છવલાલ પરીખ (સરકાર) - મંત્રી*

**(કમીટીના આદેશથી)**